# તોરણ ૭

## ગુજરાતી શિક્ષક માર્ગદર્શિકા

**ડિમ્પલ 'લીંબડ'**
એમ.એ. (ગુજરાતી)

**દિપ્તી પટેલ**
એમ.એ., બી.એડ.

Harbour Press
INTERNATIONAL

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | હરિ વસે હરિના જનમાં (કવિતા) | ૦૩ |
| ૨. | જેવા સાથે તેવા | ૦૭ |
| ૩. | ગુપ્ત ખજાનો | ૧૨ |
| ૪. | ઓ જગજનની (કવિતા) | ૧૭ |
| ૫. | લાલચ બુરી બલા | ૨૧ |
| ૬. | મિસાઈલ મૅન | ૨૬ |
| ૭. | કોણ હલાવે લીંબડી ને... (કવિતા) | ૩૧ |
| ૮. | ગાંધીજીનાં જીવન પ્રસંગો | ૩૬ |
| ૯. | પતંગનું પર્વ | ૪૧ |
| ૧૦. | પ્રભુજીને પડદામાં રાખ મા (કવિતા) | ૪૬ |
| ૧૧. | શહેરી વૃક્ષ | ૫૦ |
| ૧૨. | બગીચાની મુલાકાત | ૫૫ |
| ૧૩. | આભમાં ઝીણી ઝબૂકે... (કવિતા) | ૫૯ |
| ૧૪. | મૂર્ખ શિષ્ય | ૬૩ |
| ૧૫. | શ્રીમતિ ઈંદિરા ગાંધી | ૬૮ |
| ૧૬. | વાદલડી વરસી રે... (કવિતા) | ૭૨ |
| ૧૭. | અંગૂલીમાલ | ૭૬ |

# ૧ હરિ વસે હરિના જનમાં

## કાવ્યની રૂપરેખા

- ભક્તિ પદ રચના.
- ભગવાન કણકણમાં વસે છે. દરેક માણસના હૃદયમાં વસે છે.
- વનમાં જઇને ભેખ ધરીને ભટકવાની જરૂર નથી.
- તમે કાશી જાઓ કે ગંગા સ્નાન કરો. ક્યાંય ભગવાન નથી.
- યોગ કે યજ્ઞ કરાવો, હોમ-હવન કરો છતાં પણ પ્રભુ પ્રસન્ન થતાં નથી.
- ભગવાન તો દરેક ભક્તનાં મનમાં જ હોય છે.
- આત્મા જ પરમાત્મા છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભક્તિનું મહત્ત્વ સમજાવવું
- વિદ્યાર્થીઓને એ સમજાવવું કે આત્મા એ જ પરમાત્મા છે.
- મીરાંબાઈની ભક્તિથી વિદ્યાર્થીઓને પરિચિત કરાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને સાચી ભક્તિનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને ભક્તિ સાહિત્યનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓની ગાયન કલાને પ્રોત્સાહન આપવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, મીરાંબાઈ તથા કૃષ્ણનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને વિવિધ પ્રસંગો કહે.
- સાચી ભક્તિ કરવી જોઈએ એવું વિદ્યાર્થીઓને સમજાવે.
- પોતાનાં અનુભવ પ્રમાણે શિક્ષક/શિક્ષિકા પાઠ પ્રવેશ કરાવે.

## અધ્યાપન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- મીરાંબાઈનું નામ તમે સાંભળ્યું છે?
- મીરાંબાઇ કોણ છે?
- મીરાંબાઈએ કયા ભગવાનની ભક્તિ કરી છે?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલાં વિદ્યાર્થીઓનાં ૪ ગ્રુપ પાડીને દરેક ગ્રુપને એક-એક વિષય પર દસ-દસ વાક્ય લખવાનું કહો, જેમ કે- શ્રીકૃષ્ણ, મીરાંબાઈ, ભક્તિ, આત્મશુદ્ધિ

- વિદ્યાર્થીઓને તેમનાં વિચારો વર્ગમાં રજૂ કરવા કહો, જેથી સમૂહમાં કામ કરતાં શીખે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃદ્ધિ
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન.

## મૂલ્યાંકનનાં મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોનાં ઉચ્ચારણ શુદ્ધ તથા સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્ય રચના શુદ્ધ હોવી જોઇએ.
- પઠન ક્ષમતા યોગ્ય હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનાં જ્ઞાન દ્વારા |
| અભિવ્યક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન ભક્તિ ભાવના જાગૃત કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજા પદ સંભળાવવા જેથી વિદ્યાર્થીઓને ભક્તિ પદ વિશે જાણકારી મળે.
- આ પદ રચના દ્વારા જાણવા મળે છે કે આત્મા એ જ પરમાત્મા છે.

## પ્રવૃત્તિ / શબ્દોની રમત

શ્રીકૃષ્ણનાં અન્ય નામ લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ પદ રચના કોણે કરી છે?

૨) આ પદમાં કોને પરમાત્મા કહ્યો છે?

૩) ભગવાનને આપણે ક્યાં ક્યાં શોધવા જઇએ છીએ?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

૧) આ પદ પ્રમાણે ભગવાન ક્યાં-ક્યાં નથી?

૨) પ્રભુને પામવા માટે ગમે ત્યાં ભટકવાની શા માટે ના પાડી છે?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) આ પદનો ભાવાર્થ લખો.

૨) મીરાંબાઈના જીવન વિશે જાણો અને લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોના જવાબો લખો.
- મીરાંબાઈ વિશે લખો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધો.**

૧) 'હરિ વસે હરિના જનમાં' પર રચના કોણે કરી ?

(ક) નરસિંહ મહેતા (ખ) મીરાંબાઈ (ગ) શામળ (ઘ) અખો

૨) હરિ વસે હરિના ..................

(ક) જનમાં (ખ) તનમાં (ગ) મનમાં (ઘ) ઘરમાં

૩) અહીં કઈ નદીનાં નામનો ઉલ્લેખ થયો છે?

(ક) ભાદર (ખ) યમુના (ગ) ગંગા (ઘ) નર્મદા

૪) અહીં કયા તીર્થ સ્થાનની વાત કરી છે?

(ક) હરિદ્વાર (ખ) નાથદ્વારકા (ગ) દ્વારકા (ઘ) કાશી

**પ્રવૃત્તિ :** આ કવિતા મુખપાઠ કરો.

## કાર્યપત્રિકા- ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધો.**

૧) 'જંગલ' શબ્દનો પર્યાયવાચી શબ્દ નથી.

(ક) વન (ખ) વિપીન (ગ) અરણ્ય (ઘ) બાગ

૨) 'જોગ' શબ્દનું શુદ્ધ રૂપ છે.

(ક) સંજોગ (ખ) જોગી (ગ) યોગ (ઘ) યોગી

૩) 'જગન' શબ્દનું શુદ્ધ રૂપ છે.

(ક) જઘન્ય (ખ) યજ્ઞ (ગ) જગત (ઘ) જન

૪) 'પવન' શબ્દનો પર્યાયવાચી નથી.

(ક) હવા (ખ) વાયુ (ગ) અનિલ (ઘ) પાવન

૫) 'પાણી' શબ્દનો પર્યાયવાચી નથી.

(ક) જળ (ખ) વારિ (ગ) તોયમ્ (ઘ) જલદ

## ઉત્તર – શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના આપેલ પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) મીરાંબાઈએ ભગવાન ગીરિધર (શ્રીકૃષ્ણ)ની ભક્તિ કરી છે.

૨) હરિ હરિનાં જનમાં (દરેક મનુષ્યનાં હૃદયમાં) વસે છે.

૩) આ પદ પ્રમાણે ભગવાન વનમાં કે અરણ્યમાં, કાશીમાં કે ગંગાજીમાં, પાણી કે, પવનમાં નથી.

૪) મીરાંબાઈએ પ્રભુને પામવા માટે ગમે ત્યાં ભટકવાની ના પાડી છે કારણ કે ગમે ત્યાં ભટકવાથી પ્રભુ મળતા નથી. હરિ તો હરિના જનમાં જ વસે છે.

**જ.૨ સવિસ્તાર જવાબ લખો.**

૧) આ પદ દ્વારા કવિયિત્રી મીરાંબાઈ કહેવા માગે છે કે હરિ એટલે કે ભગવાન શ્રીકૃષ્ણ દરેક માણસનાં હૃદયમાં જ વસે છે. તેને શોધવા માટે વનમાં કે અરણ્યમાં, કે કાશીમાં જવાની જરૂર નથી. ગંગાજીનાં પાણીમાં નહાવાથી હરિ મળતા નથી, કે નથી કોઈપણ પ્રકારનાં હોમ હવન કરવાથી હરિ મળતા નથી.

**જ.૩ કાવ્ય-પૂર્તિ કરો :**

(પાઠ્યપુસ્તક મુજબ)

**જ.૪ ભાવાર્થ સમજાવો :**

૧) **ભાવાર્થ** :- આ પંક્તિ દ્વારા મીરાંબાઈ કહેવા માગે છે કે ભગવાનને શોધવા માટે ક્યાંય જવાની જરૂર નથી. તમે કાશીમાં ભગવાનને શોધો કે ગંગા સ્નાન કરો, પ્રભુને પાણી કે ઉપવનમાં ક્યાંય શોધવાની જરૂર નથી. તે તો આપણી અંદર જ બિરાજમાન છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો.**

૧) હરિ  ૨) અરણ્ય, જંગલ  ૩) જળ, વારિ

**(ખ) જોડણી સુધારો.**

૧) પ્રભુ  ૨) અરણ્ય  ૩) હરિ

## ઉત્તર કાર્યપત્રિકા – ૧

જ.૧ ૧) (ખ) મીરાંબાઈ  ૨) (ક) જનમાં  ૩) (ગ) ગંગા
૪) (ઘ) કાશી

## ઉત્તર કાર્યપત્રિકા – ૨

જ.૧ ૧) (ઘ) બાગ  ૨) (ગ) યોગ  ૩) (ખ) યજ્ઞ
૪) (ઘ) પાવન  ૫) (ઘ) જલદ

# ૨ જેવા સાથે તેવા

## પાઠની રૂપરેખા

- શિયાળ અને બગલાની ભાઈબંધી
- કપટી શિયાળ બગલાને ભોજનનું આમંત્રણ આપે છે.
- શિયાળની યુક્તિ - તેણે થાળીમાં ખીર પીરસી.
- બગલો ખાઈ ન શક્યો.
- બીજા દિવસે બગલાએ શિયાળને આમંત્રણ આપ્યું.
- બગલાએ શિયાળને કૂંજામાં ખીર પીરસી.
- શિયાળ ખાઈ જ ન શક્યો.
- આમ બગલાએ જેવા સાથે તેવા બનીને શિયાળને પાઠ ભણાવ્યો.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને 'જેવા સાથે તેવા' કહેવત સમજાવવી.
- વિદ્યાર્થીઓને ચતુરાઈ પૂર્વકનું વર્તન સમજાવવું.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે મિત્રતામાં ક્યારેય કપટ ન કરવું જોઈએ.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પંચતંત્રની કથાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, શિયાળ તથા બગલાનાં ચિત્રો.

## પ્રેરણા તથા વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે તથા વિદ્યાર્થીઓને અન્ય વાર્તાઓ સંભળાવે.
- જેવા સાથે તેવા થવું જોઈએ એવું વિદ્યાર્થીઓને સમજાવવું.
- શિક્ષક પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- જંગલમાં સૌથી લુચ્ચું પ્રાણી કયુ છે?
- બગલાનો કલર કેવો હોય છે?
- પંચતંત્રની વાર્તાઓ સાંભળી છે?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલાં વિદ્યાર્થીઓને ૪ ગ્રુપમાં વહેંચીને દરેક ગ્રુપને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - જંગલ, પ્રાણીઓ, મિત્રતા, ભોજન

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનું કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃદ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનનાં મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોનાં ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઈએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઈએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યક્તિની ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પંચતંત્રની વાર્તાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય વાર્તાઓ સંભળાવો જેથી વિદ્યાર્થીઓને જીવન જીવવાની રીતની ખબર પડે.
- આ વાર્તા દ્વારા 'જેવા સાથે તેવા' કહેવત સમજાય જશે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી પાંચ પ્રાણીઓનાં નામ તથા ચાર પક્ષીઓનાં નામ શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| શિ | સિં | હા | થી |
| યા | હ | ર | ણ |
| ળ | મો | ચ | પો |
| હં | ર | કી | પ |
| સ | સ | લું | ર |

પ્રાણીઓ – ૧. .................. ૨. .................. ૩. .................. ૪. ..................

પક્ષીઓ – ૧. .................. ૨. .................. ૩. .................. ૪. ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ વાર્તામાં કોની-કોની મિત્રતાની વાત થઈ છે?

૨) શિયાળે બગલાને શાનું આમંત્રણ આપ્યું?

- **વિશેષ વિદ્યાર્થીઓ માટે**

૧) શિયાળ ખીર શા માટે ખાઈ ન શક્યો? ૨) બગલો ખીર શા માટે ખાઈ ન શક્યો?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

૧) આ વાર્તા માંથી શું શીખ્યાં? ૨) આવી બીજી વાર્તા લખો.

**ગૃહકાર્ય**

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- 'જેવા સાથે તેવા' પર એક ફકરો લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧** પાંચ જંગલી પ્રાણીઓનાં નામ લખો.
**પ્ર.૨** પાંચ પાલતું પ્રાણીઓનાં નામ લખો.
**પ્ર.૩** શું હરણ માંસાહારી પ્રાણી છે?
**પ્ર.૪** જંગલનો રાજા કોણ ગણાય છે.
**પ્ર.૫** જંગલી પ્રાણીઓમાં સૌથી લુચ્ચું પ્રાણી કોણ ગણાય છે?

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોનાં સાચા જવાબ શોધીને લખો.**

૧) 'જંગલ' શબ્દનો પર્યાયવાચી છે.

(ક) વન (ખ) બંગલ (ગ) મંગલ (ઘ) ધન

૨) 'છીછરું' શબ્દનો વિરોધી શબ્દ છે.

(ક) તોછડું (ખ) વાછરું (ગ) ઊંડુ (ઘ) ખોટું

૩) 'પાવન' શબ્દનો પર્યાયવાચી શબ્દ છે.

(ક) પવન (ખ) પવિત્ર (ગ) પૌવન (ઘ) કોઈ નહીં

૪) 'મિત્ર' શબ્દનો પર્યાયવાચી શબ્દ છે.

(ક) શત્રુ (ખ) પિત્ર (ગ) ભાઈ (ઘ) દોસ્ત

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) બગલા અને શિયાળ વચ્ચે ભાઈબંધી હતી.

૨) એક દિવસ શિયાળને વિચાર આવ્યો કે બગલો મારો મિત્ર છે, હું એને મારે ત્યાં જમવા બોલાવુ. પણ જમવાનું એવુ બનાવરાવુ કે મિત્રતા સચવાય ને છતાંય બગલો જમ્યા વગર પાછો જાય.

૩) શિયાળે બગલાને એ છીછરી થાળીમાં ખીર પીરસી.

૪) બગલાએ શિયાળને એક સરસ ચિતરામણવાળા સાંકડા મોઢાનાં કૂંજામાં ખીર પીરસી.

૫) બગલાએ શિયાળને એક સાંકડા મોઢાવાળા કૂંજામાં ખીર પીરસી હતી. જેમા શિયાળનું મોઢું કોઈપણ રીતે અંદર જઈ શકે તેમ ન હતુ. તેથી શિયાળ ખીર ખાઈ શક્યો નહિ.

**જ.૨ નીચેના પ્રશ્નોનાં જવાબો સવિસ્તાર આપો.**

૧) બગલા અને શિયાળ વચ્ચે મિત્રતા હતી, એ મિત્રતા માત્ર દેખાવ પૂરતી જ હતી. બંને એકબીજાનાં પાક્કા મિત્રો હોવાનો ડોળ કરતા હતા, પણ ખરેખર કોઈ કોઈનો મિત્ર નહોતો.

૨) શિયાળે પ્રેમથી બગલાને આવકાર આપ્યો. ખીરની મીઠી સુગંધ આવતી હતી. શિયાળે બગલાને એક છીછરી થાળીમાં ખીર પીરસી. થાળીમાંથી એક ટીપુંયે ખીર બગલાની ચાંચમાં આવતું ન હતું. અંતે બગલો ભૂખ્યો રહ્યો.

૩) બગલાએ શિયાળને પોતાને ત્યાં ખીર ખાવાનું આમંત્રણ આપ્યું. તેણે શિયાળને એક સાંકડા મોઢાવાળા કૂંજામાં ખીર પીરસી. શિયાળનું મોં તે કૂંજામાં જતું જ ન હતું, તેથી તે ખીર ખાઈ ન શક્યો. આમ બગલાએ શિયાળ સાથે બદલો લીધો.

**જ.૩ કોણ કોને કહે છે? તે જણાવો.**

૧) શિયાળ - બગલાને કહે છે. ૨) શિયાળ - બગલાને કહે છે.

૩) બગલો - શિયાળને કહે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો લખો.**

૧) સુગંધ ૨) ઉજવણી ૩) વન ૪) દોસ્તી

**(ખ) વિરોધી શબ્દો લખો.**

૧) કાચા ૨) દુશ્મન ૩) ભોળપણ ૪) ઊંડુ

**(ગ) આપેલ રૂઢિપ્રયોગોનાં અર્થ આપીને વાક્યમાં પ્રયોગ કરો.**

૧) ખાવાની ખૂબ જ ઇચ્છા થવી.

**વાક્ય :** ખીર જોઇને શિયાળનાં મોંમાંથી પાણી છૂટવા લાગ્યું.

૨) અતિશય ખરાબ લાગવું.

**વાક્ય :** પિતાજીની વાત તેને કડવી ઝેર જેવી લાગી.

**(ઘ) આપેલ શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

૧) મિજબાની - ચાલો, બધા મજાની મિજબાની ગોઠવીએ.

૨) જંગલ - શિયાળ જંગલમાં રહેતું હતું.

૩) સોડમ - ખીરની સોડમથી વાતાવરણ મહેકતું હતું.

૪) મિત્રતા - શિયાળ અને બગલાની મિત્રતા ફક્ત નામની હતી.

૫) મસ્ત - શિયાળે બગલાને કહ્યું, તારી ખીર તો મસ્ત છે.

## ઉત્તર કાર્યપત્રિકા - ૧

**જ.૧** સિંહ, વાઘ, હાથી, હરણ, ચિત્તો

**જ.૨** ગાય, ભેંસ, ઘોડો, ઊંટ, બકરી

**જ.૩** ના, હરણ માંસાહારી નથી.

**જ.૪** સિંહ જંગલનો રાજા ગણાય છે.

**જ.૫** જંગલી પ્રાણીઓમાંથી શિયાળ સૌથી લુચ્ચું પ્રાણી ગણાય છે.

## ઉત્તર કાર્યપત્રિકા - ૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | (ક) | વન | ૨. | (ગ) | ઊંડું |
| ૩. | (ખ) | પવિત્ર | ૪. | (ઘ) | દોસ્ત |

# ૩ ગુપ્ત ખજાનો

## પાઠની રૂપરેખા

- જીવનમાં મહેનતનું મૂલ્ય સમજાવવું.
- એક મહેનતુ ખેડૂત
- તેનાં આળસુ જુવાન ત્રણ દીકરા.
- ખેડૂત મરણ પથારીએ પડ્યો.
- પત્નીને યોજના સમજાવવી.
- મરતાં-મરતાં ખેડૂતે ખેતરમાં દાગીના દાટ્યાની વાત કરી.
- ત્રણે દીકરા ખજાનાની લાલચમાં ખેતર ખોદવા લાગ્યાં.
- ખેડૂતની પત્નીએ છુપી રીતે બિયારણ વાવી દીધાં.
- ખેતરમાં દાગીના ન મળતાં ત્રણે દીકરાઓ નિરાશ થયા.
- વરસાદ થયાં પછી ખેતરમાં ખૂબ જ સારો પાક થયો.
- પુત્રોને સમજાવું કે આ જ સાચો ખજાનો છે.
- ત્યારથી ત્રણે દીકરાઓને મહેનતનો મહિમા સમજાયો અને ખેતરમાં મહેનત કરવા લાગ્યા.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પરિશ્રમનો મહિમા સમજાવવો.
- વિદ્યાર્થીઓને 'પરિશ્રમ એ જ પારસમણિ છે' તેનું શ્રેષ્ઠ ઉદાહરણ આપવું.
- જીવનમાં મહેનતનું મૂલ્ય સમજાવવું અને આળસ છોડીને જીવવું એવું સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વાર્તા - કલાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક વગેરે.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- 'પરિશ્રમ એ જ પારસમણિ છે.' એવું વિદ્યાર્થીઓને સમજાવે.
- મહેનત કરવાથી સારું ફળ મળે છે - એવું વિદ્યાર્થીઓને સમજાવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમને મહેનત કરવી ગમે?
- મહેનત કરવાથી કયા-કયા ફાયદા થાય?

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે- પરિશ્રમ, ખેડૂતનું જીવન, આળસનાં ગેરફાયદા
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમા વૃધ્ધિ.
- પોતાના ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પરિશ્રમનું મહત્ત્વ સમજાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી બોધાત્મક વાર્તાઓ સંભળાવો જેથી વિદ્યાર્થીઓને જીવનમાં બોધ મળે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી યોગ્ય શબ્દો તારવીને લખો.

| | | | |
|---|---|---|---|
| ક | પ | ર | મ |
| પ | રિ | શ્ર | મ |
| રી | વા | વ | જા |
| ક્ષા | ર | ણ | ક |

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) ખેડૂતને કેટલાં પુત્રો હતાં?

(૨) ખેડૂતનાં પુત્રો કેવા હતાં?

(૩) ખેડૂતે પુત્રો માટે ખેતરમાં શું દાટ્યું હતું?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) ખેડૂતે પોતાની પત્નીને ખેતરમાં શું નાંખવા કહ્યું? ક્યારે?

(૨) પિતાના મૃત્યુ બાદ ત્રણે પુત્રોએ શું કર્યું? તેનું શું પરિણામ આવ્યું?

## • વિશેષતમ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તામાંથી તમને શું શીખવા મળે છે? (૨) આવી બીજી વાર્તાઓ એકઠી કરો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયમાં પ્રશ્નોનાં જવાબો લખો.
- 'પરિશ્રમ એ જ પારસમણી' વિષય પર એક નિબંધ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધો.**

૧) ખેડૂતે ખેતરમાં શું દાટ્યું હતું?

(ક) રૂપિયા (ખ) કપડાં (ગ) ઘરેણા (ઘ) વાસણ

૨) ખેડૂતનાં પુત્રોએ ખેતરમાં જઇને શું કર્યું?

(ક) સૂઈ ગયા (ખ) માટી ખોદી (ગ) વાવણી કરી (ઘ) કંઈ ન કર્યું

૩) ખેતર ખોદાઈ ગયા પછી ખેડૂતની પત્નીએ તેમાં શું નાખ્યું?

(ક) માટી (ખ) બિયારણ (ગ) દાગીના (ઘ) કંઈ નહીં

૪) ખેતરમાં શેનો પાક થયો?

(ક) મકાઇનો (ખ) બાજરીનો (ગ) શેરડીનો (ઘ) ઘઉંનો

૫) પરિશ્રમ એ જ .....................

(ક) પારસમણિ (ખ) પરિશ્રમ (ગ) આરસમણિ (ઘ) કંઈ નહીં

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચો જવાબ શોધીને લખો.**

૧) 'આબાદ' શબ્દનો પર્યાયવાચી શબ્દ છે.

(ક) સમૃદ્ધ (ખ) સ્વતંત્ર (ગ) આઝાદ (ઘ) આનંદ

૨) 'દાગીના' શબ્દનો પર્યાયવાચી શબ્દ નથી.

(ક) ઘરેણા (ખ) અલંકાર (ગ) આભૂષણ (ઘ) દાજેલાં

૩) 'ચતુરાઇ' નો વિરોધી શબ્દ છે.

(ક) બુદ્ધિમાન (ખ) મુર્ખાઈ (ગ) બુદ્ધિશાળી (ઘ) કોઈ પણ નહીં

૪) સાચી જોડણી છે -

(ક) મૃત્યૂ (ખ) મુત્યુ (ગ) મ્રુત્યુ (ઘ) મૃત્યુ

૫) 'ફસલ' શબ્દનો સમાનાર્થી છે

(ક) પાક (ખ) અવાજ (ગ) ફણસ (ઘ) ફિસલવું

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) ખેડૂત ખૂબ જ મહેનતુ હતો.
૨) ખેડૂત દિવસ-રાત મહેનત કરવામાં જરાપણ અચકાતો નહિં.
૩) ખેડૂતનાં ત્રણે પુત્રો ભારે આળસુ હતા.
૪) ખેડૂતપિતાને ચિંતા હતી કે, ''જો આમને આમ ત્રણ ત્રણ જુવાન દિકરા આળસું બનીને પડ્યા રહેશે તો એના ખેતરનું શું થશે?'' તેઓ કમાશે નહી તો પોતાનાં પરિવારનું ભરણ પોષણ કઈ રીતે કરશે.
૫) ખેડૂતે પોતાની પત્નીને પોતાનાં મૃત્યુ પછી બિયારણ નાખવા કહ્યું.

**જ.૨ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.**

૧) ખેડૂતે પોતાની પત્નીને બોલાવીને કહ્યું, ''જો, આપણા દીકરા ભારે આળસુ છે. મને નથી લાગતું કે તેઓ ખેતરમાં મારા જેવી મજૂરી કરી શકે. હું એક-બે દિવસથી લાંબુ જીવીશ નહિ. પણ એક ઉપાય કરી જાઉં છું એટલે દીકરાઓ આપણા ખેતરને ખેડી નાખશે. એ પછી તું બિયારણ નાખી દેજે. બિયારણ નાખે એની દીકરાઓને ખબર પડવા દેતી નહીં.''

૨) પિતાનાં મૃત્યુ પછી જમીનમાં દટાયેલા દાગીના શોધી કાઢવા માટે ત્રણેય પુત્રોએ ખેતરનો ખૂણેખૂણો ખૂબ જ ઊંડે સુધી ખોદી નાખ્યો. તેમને દાગીના તો શું એક ખોટો રૂપિયો પણ દટાયેલો મળ્યો નહીં.

**જ.૩ કોણ કોને કહે છે?**

૧) ખેડૂત - તેના દીકરાઓને કહે છે. ૨) ખેડૂત - તેની પત્નીને કહે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો લખો.**

૧) સમૃદ્ધ ૨) પરિશ્રમ ૩) દીકરો ૪) ઘરેણા
૫) ચાલાકી

**(ખ) વિરોધી શબ્દ લખો.**

૧) આળસ ૨) બરબાદ ૩) મૂર્ખાઈ ૪) દિવસ
૫) ખરીદવું

**(ગ) જોડણી સુધારો.**

૧) ખેડૂત ૨) તબિયત ૩) દાગીના ૪) ચતુર
૫) મૃત્યુ

**(ઘ) શબ્દો સમૂહ માટે એક-એક શબ્દ લખો.**

૧) દાગીના ૨) મંડી ૩) બિયારણ

**(ચ) નીચે આપેલ કહેવતોના અર્થ બતાવો.**

૧) મહેનતનાં ફળ મીઠા - મહેનત કરવાથી સફળતા મળે છે.
૨) પરિશ્રમ એ જ પારસમણિ - પરિશ્રમ કરવાથી માણસનું જીવન સુખી બને છે.

**(છ) પાઠમાં શબ્દોની જોડી આપેલ છે જેમ કે,**
**''ત્રણ-ત્રણ'' આવી બીજી જોડ લખો.**

૧) મરતા-મરતા ૨) દિવસ-રાત ૩) એક-બે

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

૧) (ગ) દ્વારકા
૨) (ખ) માટી ખોદી
૩) (ખ) બિયારણ
૪) (ઘ) ઘઉંનો
૫) (ક) પારસમણિ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

૧) (ક) સમૃદ્ધ
૨) (ઘ) દાઝેલા
૩) (ખ) મૂર્ખાઈ
૪) (ઘ) મૃત્યુ
૫) (ક) પાક

# ૪ ઓ જગજનની

## કાવ્યની રૂપરેખા

- આ કવિતામાં રાષ્ટ્રભક્તિ પ્રસ્તુત કરવામાં આવી છે.
- ભારતમાતા બધાની રક્ષણહાર છે.
- અમે બાળકો હતાં ત્યારથી ભારતમાતાનાં ખોળે રમતા-રમતાં જ યુવાન બન્યા. એમ વીર સપૂત બન્યા.
- ભારતમાતાએ પોષણ અને શિક્ષણ આપ્યું. તેમજ સંસ્કાર પણ કેળવાયા.
- ભારતભૂમિની રક્ષા કરવા ગાંધી - સરદાર જેવાં થઇશું.
- શૂરવીરતાથી આગળ વધીશું.
- માતૃભૂમિનું રક્ષણ કરીને ભારતમાતાનો જયજયકાર કરવો જોઇએ.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને દેશભક્તિ શીખવીશું.
- ભારતમાતાની રક્ષા કરીને તેનાં ગુણગાન ગાવાની પ્રેરણા મળે.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવી.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં કાવ્યકલા વિકસાવવી.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, દેશભક્તિનું ચિત્ર.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓમાં દેશભક્તિ ખીલવવી.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમને દેશભક્તિનાં ગીતો ગમે?
- તમે દેશભક્તિમાં કયા-કયા ગીતો જાણો છો?
- દેશભક્તિથી તમને કેવો અનુભવ થાય છે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - દેશભક્તિ, ભારતનાં વીર, યુવાની
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમાં બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન દેશભક્તિનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય દેશભક્તિનાં ગીતો સંભળાવો અને સમજાવો જેથી તેઓનાં મનમાં દેશ પ્રત્યેની સદ્‌ભાવના જાગૃત થાય.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

શબ્દને અંતે ‘તા’ જોડીને નવો શબ્દ બનાવો.




૧) ....................

૨) ....................

૩) ....................

૪) ...................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ કવિતામાં કોની વાત થયેલ છે?

૨) બાળકો કોના ખોળે રમીને મોટા થયાં?

૩) આપણે કોનું રક્ષણ કરવું જોઈએ?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

૧) કવિએ ભારતમાતાને કયા-કયા વિશેષણોથી સંબોધન કર્યુ છે?

૨) બાળકો કોના જેવા બનવા માગે છે?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) આ કવિતામાં પ્રગટ થતી દેશભક્તિ તમારા શબ્દોમાં વર્ણવો.

૨) આવા બીજા ગીતો બનાવો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોત્તર કરવા.
- દેશભક્તિના અન્ય ગીતોનો પ્રોજેક્ટ બનાવવો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ શોધીને લખો :**

૧) આઝાદીનાં ઘડવૈયા નથી.
(ક) ગાંધીજી (ખ) સરદાર પટેલ (ગ) કસ્તૂરબા (ઘ) મીરાંબાઈ

૨) સૌથી અલગ પડતો શબ્દ શોધો.
(ક) ભારતમાતા (ખ) જગજનની (ગ) આઝાદી (ઘ) વેપાર

૩) ઓ જગજનની! પ્રણામ તુજને ....................
(ક) એકવાર (ખ) બંને (ગ) વારંવાર (ઘ) એક પણ નહીં

૪) ભારતમાતાનાં હાથમાં .................... છે.
(ક) ગદા (ખ) ત્રિરંગો (ગ) ચક્ર (ઘ) ત્રણે

૫) આ કવિતાનાં કવિ છે.
(ક) નીલ (ખ) સરદાર (ગ) ગાંધીજી (ઘ) નહેરું

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ શોધીને લખો.**

૧) ''માતા'' શબ્દનો પર્યાયવાચી નથી.
(ક) જનની (ખ) માતૃ (ગ) મા (ઘ) જનક

૨) 'પૃથ્વી' શબ્દનો પર્યાયવાચી નથી.
(ક) ધરા (ખ) વસુંધરા (ગ) ધરતી (ઘ) આકાશ

૩) 'રક્ષણ' નો વિરોધી શબ્દ છે.
(ક) ભક્ષણ (ખ) આરક્ષણ (ગ) લક્ષણ (ઘ) એક પણ નહી

૪) 'શિક્ષિત' નો વિરોધી નથી.
(ક) અશિક્ષિત (ખ) અભણ (ગ) નિરક્ષર (ઘ) ભણેલો

૫) 'બાળક' સાથે સંકળાયેલ શબ્દ નથી.
(ક) બાળપણ (ખ) રમકડું (ગ) નોકરી (ઘ) ભોળપણ

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) કવિએ ભારતમાતાને 'જગજનની' વિશેષણથી સંબોધેલ છે.

૨) બાળકો રમતા રમતા યુવાન અને વીર બન્યા.

૩) ભારતમાતાનાં પુત્રોને બાળપણમાં પોષણ અને ભોળપણમાં શિક્ષણ મળ્યુ. તેને પરિણામે તેઓ સંસ્કારી યુવાન બન્યા.

૪) બાળકો મહાત્મા ગાંધી અને સરદાર પટેલ જેવા બનવા માગે છે.

૫) ભારતમાતાનાં બાળકો શૂરવીર બનીને માતૃભુમિનું રક્ષણ કરવા ઈચ્છે છે.

**જ.૨ સવિસ્તાર જવાબ લખો.**

કવિ આ કવિતામાં ભારતમાતાને વારંવાર પ્રણામ કરતાં કહે છે, ''હે જગજનની! તું જ અમારી રક્ષણહાર છે.'' કવિ આગળ કહે છે કે ભારતમાતાનાં ખોળે રમતાં-રમતાં સૌનો ઉછેર થાય છે. યુવાન બનીને દેશની રક્ષા ખાતર પોતાની વીરતા બતાવે છે. બાળપણમાં પોષણ અને શિક્ષણ (જ્ઞાન) માતૃભૂમિ દ્વારા જ પ્રાપ્ત થાય છે. આમ શિક્ષણ - સંસ્કાર લઇને જગજનનીનાં ખોળે જ મોટા થઇને યુવાન બને છે. ભારતનાં દરેક સપૂતની ફરજ છે કે માતૃભૂમિનો જયજયકાર કરતાં-કરતાં ગાંધી-સરદાર જેવા બનીને શૂરવીરતાથી આગળ વધે અને દેશની રક્ષા કરે.

**જ.૩ કાવ્ય પૂર્તિ કરો.**

૧) ઓ ભારતમાતા! તું છે અમ રક્ષણહાર
ઓ જગજનની ! પ્રણામ તુજને વારંવાર

૨) પોષણ આપ્યું બાળપણમાં
શિક્ષણ આપ્યું ભોળપણમાં
શિક્ષણ-સંસ્કાર લઈને આજ
બન્યા યુવાન તારે કાજ.

**જ.૪ આપેલ પંક્તિઓનો અર્થ સમજાવો.**

૧) ભારતમાતાનાં ખોળે પોષણ મેળવીને દેશવાસીની ફરજ છે કે તે માતૃભૂમિનું રક્ષણ કરે અને જયજયકાર કરે. અહીં કવિની દેશની દેશભક્તિ જણાય છે.

૨) ભારત દેશની રક્ષા કરવા માટે કવિ ગાંધી-સરદાર પાસેથી પ્રેરણા લઇને શૂરવીરતાથી દેશ હિતનાં કાર્યો કરવાની ઇચ્છા વ્યક્ત કરે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો લખો.**

૧) માતા  ૨) બાળ  ૩) પૃથ્વી  ૪) ભણતર

**(ખ) વિરોધી શબ્દો લખો.**

૧) ભક્ષણ  ૨) ડરપોક  ૨) અસંસ્કાર  ૪) અશિક્ષિત, નિરકાર

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

૧) (ઘ) મીરાંબાઈ  ૨) (ઘ) બાળપણ  ૩) (ગ) વારંવાર

૪) (ખ) ત્રિરંગો  ૫) (ક) નીલ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

૧) (ઘ) જનક  ૨) (ઘ) આકાશ  ૩) (ક) ભક્ષણ

૪) (ઘ) ભણેલો  ૫) (ગ) નોકરી

# ૫ લાલચ બુરી બલા

## પાઠની રૂપરેખા

- સંતોષી અને પરિશ્રમી કઠિયારો.
- તળાવને કિનારે ઝાડ કાપતાં કુહાડી તળાવમાં પડી ગઈ.
- તળાવમાંથી જળદેવતા સોનાની કુહાડી લઈને આવ્યા.
- ત્યારબાદ જળદેવતાં ચાંદીની કુહાડી લઈને આવ્યા.
- બંને કુહાડી લેવાની કઠિયારાએ ના પાડી.
- લોઢાની કુહાડીની સાથે જળદેવતાએ ખુશ થઈને સોનાની તથા ચાંદીની કુહાડીની સાથે થોડું ઝવેરાત પણ આપ્યું.
- કઠિયારાની દરિદ્રતા ટળી.
- કઠિયારાને તેની પ્રામાણિકતાનું ઈનામ મળ્યું.
- કઠિયારાનું સુખ જોઈને પડોશીને લાલચ જાગી.
- પોતાની કુહાડી છે, એમ કહ્યું.
- લાલચ બૂરી બલા છે.
- જળદેવતાએ કહ્યું, 'ક્યારેય કોઈ કઠિયારો સોનાની કુહાડીથી લાકડા કાપે છે?'
- આમ જળદેવતાં પાસેથી કંઈ ન મળ્યું.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પરિશ્રમનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને સમજાવવું કે લાલચ બૂરી બલા છે.
- વિદ્યાર્થીઓને પ્રામાણિકતાનું મહત્ત્વ સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને બોધાત્મક વાર્તાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઈટ બોર્ડ / બ્લેક બોર્ડ માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક વગેરે.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને અન્ય બોધાત્મક વાર્તાઓ સંભળાવે.
- લાલચ ક્યારેય ન રાખવી જોઈએ એવું સમજાવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમને વાર્તા સાંભળવી ગમે?
- પ્રામાણિકતા કોને કહેવાય?
- લાલચ રાખવાથી શું નુકસાન થાય?
- કઠિયારાની વાર્તા જાણો છો?

**પઠન :** શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પાઠ પઠન કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - લાલચ, ઉદારતા, પ્રામાણિકતા, મહેનત
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન બોધાત્મક વાર્તાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય બોધાત્મક વાર્તાઓ સંભળાવો જેથી વિદ્યાર્થીઓને જીવનનાં આદર્શો શીખવા મળે.
- આ વાર્તા દ્વારા 'લાલચ બૂરી બલા છે' એવું શીખવા મળશે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી સંજ્ઞા શબ્દો અલગ તારવીને લખો.

| | | | |
|---|---|---|---|
| ક | ઠિ | યા | રો |
| કુ | ત | ળા | વ |
| હા | દે | જં | લા |
| ડી | વ | ગ | લ |
| ર | તા | લ | ચ |

## રચનાત્મક મૂલ્યાંકન

- **સાધારણ વિદ્યાર્થીઓ માટે**

(૧) આ વાર્તામાં લાલચું કોણ છે?
(૨) કઠિયારો કેવો હતો?
(૩) કઠિયારાની કુહાડી કેવી હતી?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) કઠિયારાની કેવી સમજ હતી?
(૨) દિવ્યપુરુષ કેવો દેખાતો હતો? તે કોણ હતો?
(૩) કઠિયારાની ઇચ્છા ન હોવા છતાં તે વૃક્ષ શા માટે કાપતો હતો?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તામાંથી શું શીખવા મળે છે?
(૨) જળદેવતાએ ખુશ થઇને કઠિયારાને કેવો કહ્યો? તેને શું શું આપ્યું?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- 'પ્રામાણિકતાનું ફળ' વિષય પર ફકરો લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ ખાલી જગ્યા પૂરો.**

૧) કઠિયારો ................... કરવામાં માનતો.
૨) ................... વગર કંઇ મળતું નથી.
૩) તળાવડીમાંથી એક .................... નીકળતો જણાયો.
૪) કઠિયારાનો પડોશી ................. અને ................ હતો.
૫) ................... બૂરી બલા છે.

**પ્ર.૨ કોણ કોને કહે છે ?**

૧) ''અરે એ ભાઈ, આમ જો આ કુહાડી તારી છે?''
કોણ ? ....................... કોને ? ......................

૨) ''કેમ જોઈ રહે છે? લે આ તારી કુહાડી.''
કોણ ? ....................... કોને ? ......................

૩) ''એ ભાઈ કેમ રડે છે?''
કોણ ? ....................... કોને ? ......................

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો -**

| ખોટી જોડણી | સાચી જોડણી |
|---|---|
| ૧) કઠીયારો | ...................... |
| ૨) ભિખ | ...................... |
| ૩) સૂખી | ...................... |
| ૪) પરીશ્રમ | ...................... |
| ૫) વીલાપ | ...................... |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) કઠિયારાની સમજ એવી હતી કે શ્રમ વગર કંઈ મળતું નથી.
૨) કઠિયારાને વૃક્ષ કાપવાનો જીવ નહોતો ચાલતો.
૩) કઠિયારાએ કુહાડી લેવાની ના પાડી કારણ કે તે સોનાની હતી.
૪) બીજી વખત કઠિયારાએ કુહાડી લેવાની ના પાડી કારણ કે તે કુહાડી ચાંદીની હતી.
૫) કઠિયારાની કુહાડી લોઢાની હતી.

**જ.૨ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) કઠિયારાની ઈચ્છા ન હોવા છતા તે વૃક્ષ કાપતો હતો કારણકે લાકડા ન કાપે તો તેમની રોજી જાય, લાકડા વેચ્યા વિના કાંઇ પેટ ભરાય નહીં.
૨) દિવ્યપુરૂષની માથે તેજસ્વી મુગુટ હતો. મોઢા ઉપર અનેરૂ તેજ હતું. એ જળદેવતા હતાં.
૩) જળદેવતાએ ખુશ થઈને કઠિયારાને પ્રામાણિક કહ્યો અને પોતાની પાસે રહેલી સોનાની તેમજ ચાંદીની બંને કુહાડીઓ તેમને આપી દીધી અને સાથે સાથે થોડું ઝવેરાત પણ આપ્યું.
૪) લોભી પડોશીએ વિચાર્યુ, હું ય જંગલમાં એ તળાવને કિનારે જઈ લાકડા કાપીશ. મારી કુહાડી તળાવમાં નાખીશ. પછી દેવ આવશે એટલે સોનાની અને ચાંદીની કુહાડી મેળવી કઠિયારાની જેમ સુખી થઈશ.

**જ.૩ કોણ કોને કહે છે?**

૧) દિવ્યપુરુષ - કઠિયારાને કહે છે.
૨) કઠિયારો - દિવ્યપુરૂષને કહે છે.
૩) પડોશી - દિવ્યપુરુષને કહે છે.

**જ.૪ ખાલી જગ્યા પૂરો.**

૧) કઠિયારો પરિશ્રમ કરવામાં માનતો હતો.
૨) કઠિયારો ભલો છે.
૩) તળાવડીમાંથી એક દિવ્યપુરુષ નીકળતો જણાયો.
૪) કઠિયારાને એની પ્રામાણિકતા નું ફળ મળ્યું.
૫) પડોશી તો લોભીને લાલચુ હતો.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો.**

૧) મૂંઝવણ ૨) ગાયબ ૩) તાજ ૪) ઝાડ
૫) અનોખું ૬) લોખંડ

**(ખ) વિરોધી શબ્દો.**

૧) દિવસ - રાત
૨) તેજ - નિસ્તેજ
૩) અસલી - નકલી
૪) પ્રામાણિક - અપ્રામાણિક
૫) સદ્બુદ્ધિ - દુર્બુદ્ધિ
૬) ધનવાન - ગરીબ

**(ગ) આપેલ રૂઢિપ્રયોગોનાં અર્થ આપી વાક્ય પ્રયોગ કરો.**

૧) મન કાઠું કરવું - મન મક્કમ કરવું.
**વાક્ય :** કઠિયારાએ મન કાઠું કરીને ઝાડ પર કુહાડીનો ઘા માર્યો.

૨)　કાચ જેવું ચોખ્ખું - એકદમ સ્પષ્ટ હોવું, બહુ સ્વચ્છ હોવું

**વાક્ય :** તળાવનું પાણી કાચ જેવું ચોખ્ખું હતું.

૩)　ખપ હોવુ - જરૂરિયાત હોવી

**વાક્ય :** દરેક માણસને માણસની ખપ પડે જ છે.

**(ઘ)　આપેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧)　વિમાસણ - બિચારો કઠિયારો વિમાસણમાં પડ્યો.

૨)　લાલચ - કઠિયારાને જરાપણ લાલચ હતી નહિ.

૩)　દરિદ્રતા - કઠિયારાની પ્રામાણિકતાને કારણે દરિદ્રતા મટી ગઈ.

૪)　આશ્ચર્ય - કઠિયારાને સુખી જોઇને પડોશીને આશ્ચર્ય થયુ.

૫)　ઝવેરાત - દિવ્યપુરુષે થોડુ ઝવેરાત પણ તેને આપ્યુ.

**(ચ)　જોડણી સુધારો.**

૧)　કઠિયારો

૨)　કુહાડી

૩)　ચમકયો

૪)　પ્રામાણિક

૫)　ચિત્કાર

**(જ)　સંજ્ઞા શબ્દો**

૧) પાડોશી　　૨) લાલચું　　૩) જંગલ　　૪) તળાવ

૫) કુહાડ　　૬) કઠિયારો

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧　ખાલી જગ્યા પૂરો.**

૧) પરિશ્રમ　　૨) શ્રમ　　૩) દિવ્યપુરુષ

૪) લોભી અને લાલચું　　૫) દિવ્યપુરુષ

**જ.૨　સાચો વિકલ્પ શોધીને લખો.**

૧) જળદેવતા કઠિયારાને　　૨) જળદેવતા કઠિયારાને　　૩) જળદેવતા પડોશીને

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧　સાચી જોડણી**

૧) કઠિયારો　　૨) ભીખ　　૩) સુખી

૪) પરિશ્રમ　　૫) વિલાપ

# ૬ મિસાઈલ મૅન

## પાઠની રૂપરેખા

- ભારતનાં વિશ્વ વિખ્યાત મહાન વૈજ્ઞાનિક ડૉ. એ.પી.જે. કલામ.
- જન્મ ૧૫મી ઑક્ટોબર ૧૯૩૧નાં રોજ રામેશ્વરમ્ ખાતે.
- પિતા હોડી ચલાવીને ઘરનું ગુજરાન ચલાવતાં.
- ડૉ. કલામ શુદ્ધ શાકાહારી હતાં.
- પ્રાથમિક શિક્ષણ પૂર્ણ કરીને તિરુચિરાપલ્લીની સેંટ જોસેફ કોલેજમાં પ્રવેશ.
- મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનૉલૉજીમાં દાખલ થયાં.
- બેંગ્લોરની હિન્દુસ્થાન એરોનોટિક્સ લિ. માં વિમાની ઈજનેરી વિદ્યાનાં સ્નાતક થયાં.
- ભારત સરકારનાં સંરક્ષણ અને વિકાસ મંત્રાલયમાં નોકરી.
- ૨૦મી નવેમ્બર ૧૯૬૭ નાં રોજ થુમ્બા મથકની 'રોહિણી-૭૫' રૉકેટ છોડ્યું.
- ઈ.સ. ૧૯૮૨માં ઇસરોનાં નિયામક.
- ૨૬ જાન્યુઆરી ૧૯૮૧ નાં રોજ 'પદ્મભૂષણ'.
- ૨૫ જાન્યુઆરી ૧૯૯૦ નાં રોજ 'પદ્મવિભૂષણ'.
- ઈ.સ. ૧૯૯૭ માં 'ભારતરત્ન'.
- ''મિસાઈલ મૅન''નું અવસાન ૨૭ જુલાઈ ૨૦૧૫.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને જગતનાં મહાન વૈજ્ઞાનિક વિશે માહિતી આપવી.
- વિદ્યાર્થીઓને સફળતા માટે પ્રેરણા આપવી.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, અબ્દુલ કલામના ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને વૈજ્ઞાનિકોનાં પરિચય વંચાવે.
- સફળતા પ્રાપ્તિની પ્રેરણા આપે.
- પોતાના અનુભવ પ્રમાણે શિક્ષક/શિક્ષિકા વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે કોઈ વૈજ્ઞાનિક વિશે કંઈ જાણો છો?
- ભારતનાં ''મિસાઈલ મૅન'' કોણ ગણાય છે?

- ડૉ. અબ્દુલ કલામ વિશે તમે શું જાણો છો?

**પઠન :** શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પાઠ પઠન કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - વિજ્ઞાન, મિસાઈલ, વૈજ્ઞાનિક ટેકનૉલૉજી
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનું કહો, જેથી તેઓ સમૂહમા બોલતાં શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન વૈજ્ઞાનિકનાં જીવનનો પરિચય કરાવશે.
- વિદ્યાર્થીઓને બીજા વૈજ્ઞાનિકનાં જીવન તથા કાર્ય વિશે કહો.
- આ પાઠ દ્વારા વૈજ્ઞાનિકની પ્રગતિની માહિતી મળશે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

- આપેલ ફૂલમાં વિજ્ઞાનને લગતાં શબ્દો લખો.



## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

૧) આ પાઠમાં કોનો પરિચય આપેલો છે?

૨) ડૉ. કલામ કયા નામથી ઓળખાય છે?

૩) ડૉ. કલામનો જન્મ ક્યારે થયો?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

૧) અબ્દુલ કલામનાં પિતા કુટુંબનું ભરણ પોષણ કઈ રીતે કરતાં?

૨) ડૉ. કલામ ભારતનાં રાષ્ટ્રપતિ ક્યારે બન્યા?

૩) ડૉ. કલામનાં અભ્યાસ વિશે માહિતી આપો.

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

૧) ડૉ. કલામને ભારત સરકારે કયા-કયા ઈલકાબ ક્યારે આપ્યાં?

૨) અન્ય વૈજ્ઞાનિક વિશે માહિતી એકત્રિત કરો.

## ગૃહકાર્ય

• પાઠ્યપુસ્તકમાં પ્રશ્નોના જવાબો લખો.

## કાર્યપત્રિકા-૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબ શોધો.**

૧) અબ્દુલ કલામનો જન્મ થયો.

(ક) ઈ.સ. ૧૯૫૦ (ખ) ઈ.સ. ૧૯૪૭

(ગ) ઈ.સ. ૧૯૩૧ (ઘ) ઈ.સ. ૧૯૮૨

૨) ડૉ. કલામનું મૃત્યુ થયું.

(ક) ઈ.સ. ૨૦૦૭ (ખ) ઈ.સ. ૨૦૧૫

(ગ) ઈ.સ. ૧૯૯૭ (ઘ) ઈ.સ. ૨૦૧૨

૩) 'રોહિણી-૭૫' છોડવામાં આવ્યું.

(ક) ઈ.સ. ૧૯૮૫ (ખ) ઈ.સ. ૧૯૮૮

(ગ) ઈ.સ. ૨૦૦૭ (ઘ) ઈ.સ. ૧૯૬૭

૪) ડૉ. કલામને 'ભારત રત્ન' નો એવાર્ડ મળ્યો.

(ક) ઈ.સ. ૧૯૮૯ (ખ) ઈ.સ. ૨૦૦૨

(ગ) ઈ.સ. ૧૯૯૭ (ઘ) ઈ.સ. ૨૦૧૫

૫) ૨૫ જુલાઈ ૨૦૦૨ થી ૨૦૦૭ સુધી ડૉ. કલામ .................. બન્યા.

(ક) ભારતના રાષ્ટ્રપતિ (ખ) પિતા

(ગ) પદ્મભૂષણ (ઘ) કંઈ નહીં

## કાર્યપત્રિકા-૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલાં વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ શોધો.**

૧) અભિમાન વગરનો માણસ

(ક) નિરાભીમાની (ખ) કમઅભિમાની (ગ) સ્વઅભિમાની (ઘ) કંઈ નહીં

૨) વિજ્ઞાનમાં સંશોધન કરનાર

(ક) વિજ્ઞાની (ખ) વૈયજ્ઞાનિક (ગ) વૈજ્ઞાનિક (ઘ) જ્ઞાની

૩) 'જીવનલીલા સંકેલાઈ જવી' નો અર્થ છે.

(ક) મૃત્યુ થવું (ખ) રામલીલા જોવી

(ગ) રાસલીલા સંકેલાવી (ઘ) કંઈ નહીં

૪) 'હરિકોટા' એ કઈ સંજ્ઞા છે?

(ક) જાતિવાચક સંજ્ઞા (ખ) વ્યક્તિવાચક સંજ્ઞા

(ગ) ભાવવાચક સંજ્ઞા (ઘ) સમૂહવાચક સંજ્ઞા

૫) સાચી જોડણી છે.

(ક) ત્રિશુલ (ખ) ત્રીશૂલ (ગ) ત્રીશુલ (ઘ) ત્રિશૂલ

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) અબ્દુલ કલામનો જન્મ ૧૫મી ઓક્ટોબર ૧૯૩૧નાં રોજ રામેશ્વરમ્ ખાતે થયો હતો.

૨) અબ્દુલ કલામનાં પિતાનું નામ પાકિર જૈનુલાબ્દિન અને માતાનું આશીઆમ્મા હતું.

૩) કલામનાં પિતા પાસે એક હોડી હતી. તેની મારફત યાત્રાળુઓને લાવવા-લઈ જવાનું કામ તેઓ કરતા હતા. અને એ રીતે તે તેમનાં કુટુંબનું ભરણપોષણ કરતા હતા.

૪) ડૉ. અબ્દુલ કલામને ૨૫મી જુલાઈ ૨૦૦૨ થી ૨૦૦૭ ભારતાનાં રાષ્ટ્રપતિ બનાવવામાં આવ્યા.

૫) અબ્દુલ કલામને શરૂઆતમાં ભારત સરકારનાં સંરક્ષણ અને વિકાસ મંત્રાલયમાં નોકરી મળી.

**જ.૨ નીચે આપેલા પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો.**

૧) ડૉ. અબ્દુલ કલામે પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં પુરું કર્યું. ત્યારબાદ માધ્યમિક શિક્ષણ માટે તેઓ વડા મથક રામનાથપુરમમાં ગયા. ત્યાં માધ્યમિક શિક્ષણ પુરું કરી તેઓ ઈ.સ. ૧૯૫૦માં તિરૂચિરાપલ્લીમાં આવેલી સેન્ટ જોસેફ કૉલેજમાં દાખલ થયા. કૉલેજમાં ચાર વર્ષોનો અભ્યાસ પૂરો કર્યા બાદ તેઓ મદ્રાસ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅકનૉલૉજીમાં દાખલ થયા. ત્યાં તેમણે વિમાન ઈજનેરી વિદ્યાનો કોર્સ કરીને વિમાનચાલક માટેની તાલીમ લીધી. ત્રણ વર્ષનાં અંતે તેમણે ડી.એમ.આઈ.ટી. ની પદવી મેળવી.

૨) ડૉ. અબ્દુલ કલામને ભારત સરકારે ૨૬ જાન્યુઆરી ૧૯૮૧નાં રોજ ''પદ્મભૂષણ'' નો ઈલકાબ આપી સન્માન કર્યું.. ત્યારબાદ ૨૫ જાન્યુઆરી ૧૯૯૦નાં રોજ ડૉ. અબ્દુલ કલામને ''પદ્મવિભૂષણ'' તથા ઈ.સ. ૧૯૯૭માં ''ભારતરત્ન'' નો સર્વોચ્ચ ઈલકાબ આપીને ભારત સરકારે સન્માનિત કર્યા હતા.

**જ.૩ માત્ર એક-એક શબ્દમાં જવાબ લખો.**

૧) ''રોહિણી - ૭૫ રૉકેટ'' ૨) અંતરિક્ષ વિભાગમાં રૉકેટ ઈજનેર તરીકે.

૩) મેઘાલયનાં પાટનગર શિલોંગ ખાતે.

**જ.૪ જોડકા જોડો.**

૧) ઈ.સ. ૧૯૩૧ - ડૉ. કલામનો જન્મ
૨) ઈ.સ. ૧૯૮૧ - પદ્મભૂષણ
૩) ઈ.સ. ૧૯૯૦ - પદ્મવિભૂષણ
૪) ઈ.સ. ૧૯૯૭ - ભારતરત્ન
૫) ઈ.સ. ૨૦૧૫ - ડૉ. કલામનું મૃત્યુ

## વ્યાકરણ વિભાગ

**(ક) શબ્દસમૂહ માટે એક એક શબ્દ આપો.**

૧) કાર્યકુશળ ૨) નિરાભિમાની ૩) સર્વોચ્ચ ૪) વૈજ્ઞાનિક

**(ખ) આપેલ રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

૧) જીવન લીલા સંકેલાઈ જવી - મૃત્યુ થવું.
**વાક્ય** : દાદાજીની જીવનલીલા સંકેલાઈ ગઈ.

૨) હિમાયત કરવી - તરફેણ કરવી.
**વાક્ય** : ગાંધીજી સ્વચ્છતાના હિમાયતી હતાં.

**(ગ) સમાનાર્થી શબ્દો લખો.**

૧) અભ્યાસ ૨) જીવન ૩) બલૂન ૪) ભરોસો

**(ઘ) આપેલ શબ્દોનો વાક્યોમાં ઉપયોગ કરો.**

૧) ઈજનેર - ડૉ. કલામ અંતરિક્ષવિભાગમાં ઈજનેર તરીકે કાર્ય કરતા હતા.
૨) અંતરિક્ષ - ડૉ. કલામને ભારતીય અંતરિક્ષ અનુસંધાન સંસ્થાનનાં નિયામક બનાવવામાં આવ્યા.
૩) પરીક્ષણ - ૧૯૮૯નાં રોજ 'અગ્નિ' મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યુ.
૪) પ્રેરણા - સંસ્કારી કુટુંબ પાસેથી પ્રેરણા મેળવી તેઓ આજીવન શાકાહારી રહ્યા.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) (ગ) ઈ.સ. ૧૯૩૧ ૨) (ખ) ઈ.સ. ૨૦૧૫
૩) (ઘ) ઈ.સ. ૧૯૬૭ ૪) (ગ) ઈ.સ. ૧૯૯૭
૫) (ક) ભારતના રાષ્ટ્રપતિ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) (ક) નિરાભિમાની ૨) (ગ) વૈજ્ઞાનિક
૩) (ક) મૃત્યુ થવું ૪) (ખ) વ્યક્તિવાચક સંજ્ઞા
૫) (ઘ) ત્રિશૂલ

# ૭ કોણ હલાવે લીંબડી

## કાવ્યની રૂપરેખા

- કવિ અવિનાશ વ્યાસની આ ગીત રચનામાં ભાઈ-બહેનના સ્નેહની વાત કરવામાં આવી છે.
- ભાઈ પોતાની લાડકી બહેનને ઝાડની ડાળી સાથે હીંચકો બાંધીને ઝૂલાવે છે.
- પ્રકૃતિની ગોદમાં હીંચકો ચાલે છે. ત્યારે ભાઈ આસપાસનાં પંખીડાઓને પણ બોલાવે છે અને તેને પણ બેનીના હીંચકા સાથે ઝુલવાની વાત કરે છે.
- કોયલ ને મોરનાં ટહૂકા સાથે મીઠો વાયુ વાય છે અને બેનીનો હીંચકો હીંચે છે.
- આ કાવ્યમાં ભાઈનું બહેન પ્રત્યેનું હેત જણાય છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભાઈ-બહેનનાં સ્નેહનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ કવિતાનું ઉદાહરણ આપવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ગીત રચનાનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં ગાયન કલાનો વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઈટ બોર્ડ/બ્લેક બોર્ડ, માર્કર પેન/ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, અન્ય ઉપયોગી ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને ભાઈ-બહેનનાં હેતને લગતાં ગીતો સંભળાવે.
- ભાઈ-બહેનનો પવિત્ર પ્રેમ વિદ્યાર્થીઓને સમજાવવો.
- પોતાના અનુભવ પ્રમાણે શિક્ષક

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

(૧) ભાઈ-બહેનનાં સ્નેહનો પવિત્ર તહેવાર કયો ગણાય છે?
(૨) ભાઈ-બહેનનાં સ્નેહને દર્શાવતું કોઈ ગીત?

- **ગાયન** - શિક્ષક આ ગીતને વર્ગમાં ગાઈ સંભળાવે અને ગવડાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનું કહો, જેમ કે - ભાઈ-બહેનનો સ્નેહ, વૃક્ષો
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતાં શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન સમાજનાં પવિત્ર બંધનનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને ભાઈ-બહેનનાં હેત વિશે જાણકારી મળે.
- આ ગીત એ શ્રેષ્ઠ ગીતનું ઉદાહરણ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ કોઠામાંથી સંજ્ઞા શબ્દ શોધીને લખો જે ઝાડના નામ હોય.

| | | | | |
|---|---|---|---|---|
| આ | સો | પા | લ | વ |
| મ | ગ | ર | ક | ડ |
| લી | મ | ડો | પ | પી |
| આં | વ | લ | ડ | પ |
| બો | ગ | ર | મા | ળો |

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ ગીતનાં રચનાકાર કોણ છે?
(૨) આ ગીતમાં કોનાં હેતની વાત છે?
(૩) બેનીનો હીંચકો કોણ ઝુલાવે છે?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતામાં કયા-કયા પક્ષીઓનો ઉલ્લેખ છે?
(૨) બેનનો હીંચકો કયા ઝાડની ડાળીએ ઝુલે છે?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતામાં દર્શાવેલ ભાઈ-બહેનના હેતનું વર્ણન કરો.
(૨) 'રક્ષા બંધન' વિષય પર નિબંધ લખો.

## ગૃહકાર્ય

- પાઠ્યપુસ્તકનાં પ્રશ્નોના જવાબ લખો.
- આ ગીતને કંઠસ્થ કરો.

## કાર્યપત્રિકા-૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) લીંબડીની આજ ..............................................................
..............................................................
....................................................... બેનીબા હીંચકે હીંચે.

૨) એ પંખીડા, ..............................................................
..............................................................
.............................................................. પ્રેમથી હીંચો.

## કાર્યપત્રિકા-૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ લિંગ બદલો.**

| **પુલ્લિંગ** | **સ્ત્રીલિંગ** |
|---|---|
| સ્ત્રી | પુરુષ |
| પોપટ | ................ |
| ગાય | ................ |
| ધોબી | ................ |

**પ્ર.૨ જોડણી સુધારો :**

| **ખોટી જોડણી** | **સાચી જોડણી** |
|---|---|
| ઝૂલાવે | ................ |
| પંખિડા | ................ |
| લાડકિ | ................ |
| મિઠડો | ................ |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) આ કવિતામાં ભાઈ-બહેનનાં સ્નેહની વાત થયેલ છે.

૨) બેનીનો હીંચકો ભઈલો ઝુલાવે છે.

૩) લીંબોડી ઝોલા ખાય છે.

૪) કવિતામાં કોયલ અને મોરલાનો ઉલ્લેખ થયો છે.

૫) બેનનો હીંચકો લીમડાનાં ઝાડની ડાળીએ ઝુલે છે.

**જ.૨ સવિસ્તાર જવાબ લખો.**

૧) અહીં ભાઈ-બહેન વચ્ચેનું અપાર હેત રજૂ થયું છે. ભાઈની લાડકી બેનને ભઈલો ખુશ રાખવા માટે ઝુલાવે છે. લીંબડી હેઠે બેનીબાનો હીંચકો ચાલે છે. મીઠો વાયુ વાય છે તથા પંખીઓનાં મધુર અવાજો સંભળાય છે. ભાઈ પોપટ, મોર, કોયલ જેવા પંખીઓને બહેનને સથવારો આપવાની વિનંતી કરે છે. ભાઈ બહેનની ખુશી માટે પ્રકૃતિને બોલાવે છે. આમ આ કવિતામાં ભાઈ-બહેનનો સ્નેહ રજૂ થયો.

૨) ભાઈ-બહેનનાં સ્નેહનો તહેવાર ''રક્ષાબંધન'' છે. રક્ષાબંધનને દિવસે બહેન-ભાઈની રક્ષા માટે રાખડી બાંધે છે. બહેન ભાઈનાં કપાળે કંકુ-ચોખા ચોંડે છે અને ભાઈની રક્ષાની પ્રાર્થના કરે છે. મીઠું મોં કરાવે છે. ભાઈ બહેનને યથાશક્તિ ભેટ આપે છે. ભારતનો આ ધાર્મિક તહેવાર ગણાય છે.

**જ.૩ કાવ્યપૂર્તિ કરો.**

૧) કોણ હલાવે લીંબડી ને કોણ ઝુલાવે પીપળી
ભાઈની બેની લાડકી ને ભઈલો ઝુલાવે ડાળખી.

૨) એ પંખીડા, પંખીડા, ઓરા આવો એ પંખીડા,
બેની મારી હીંચકે હીંચે, ડાળીઓ તું ઝુલાવે
પંખીડા ડાળીએ બેસો, પોપટજી પ્રેમથી હીંચો.

**જ.૪ ભાવાર્થ સમજાવો.**

૧) **ભાવાર્થ :** ભાઈ પોતાની બહેનનો હીંચકો લીંબડાની ડાળે બાંધીને ઝુલાવે છે. કવિ પ્રકૃતિનું વર્ણન કરતાં કહે છે કે લીંબડી પણ ભાઈ-બહેનમાં હેતથી હરખાય જાય છે.

૨) **ભાવાર્થ :** આ પક્તિમાં ભાઈ-બહેનનાં હેતનું વર્ણન છે. પોતાની નાની બહેનને ખુશ કરવા ભાઈ લીંબડાની ડાળે હીંચકો બાંધીને તેને ઝુલાવે છે. આમ બહેન હરખાઈ જાય છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો લખો.**

૧) પક્ષી  ૨) પ્રેમ  ૩) ઝુલો  ૪) પવન

**(ખ) વિરોધી શબ્દો લખો.**

૧) નફરત  ૨) કડવો

**(ગ) લિંગ બદલો.**

| **પુલ્લિંગ** | **-** | **સ્ત્રીલિંગ** |
|---|---|---|
| પોપટ | - | મેના |
| ભાઈ | - | બહેન |
| મોર | - | ઢેલ |

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** કાવ્યપૂર્તિ પાઠ્યપુસ્તક પ્રમાણે કરો.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** (૧) પુરુષ (૨) મેના
(૩) બળદ (૪) ધોબણ

**જ.૨ સાચી જોડણી.**
(૧) ઝુલાવે (૨) પંખીડા
(૩) લાડકી (૪) મીઠડો

# ૮ ગાંધીજીનાં જીવન પ્રસંગો

## પાઠની રૂપરેખા

- ગાંધીજીની આત્મકથા 'સત્યના પ્રયોગો' માંથી લેવામાં આવેલ બે પ્રસંગો છે.
- અહીંનાં બંને પ્રસંગો ગાંધીજીનાં બાળપણનાં પ્રસંગો છે.
- ગાંધીજી રાજકોટ સાત વર્ષની ઉંમરે આવ્યાં.
- બારમા વર્ષે હાઈસ્કૂલમાં
- કોઈ સાથે વાતો કરવી ગમતી નહીં, શરમાળ પ્રકૃતિ હતી.
- હાઇસ્કૂલમાં કેળવણીખાતાનાં ઇન્સ્પેક્ટર જાઈલ્સ નિશાળમાં આવ્યાં.
- તેમણે પાંચ શબ્દો અંગ્રેજીનાં લખાવ્યાં.
- 'કેટલ' ની જોડણી ખોટી લખી હતી. માસ્તરે બૂટની અણી મારીને સામેના છોકરાની પાટીમાંથી જોવાનું કહ્યું.
- પણ તે ચોરી ન કરી શક્યા.
- અહીં ગાંધીજીની બાળપણની માનસિકતા રજૂ થાય છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ગાંધીજીનાં જીવનની ઝાંખી કરાવવી.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ગાંધીજીના સાહિત્યનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીમાં ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ગાંધીજીનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને ગાંધીજીનાં બીજા પ્રસંગો કહે.
- વિદ્યાર્થીઓને ગાંધીજીનાં જીવન પરથી પ્રેરણા મળે તે રીતે વાતો કરે.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

(૧) ભારતનાં રાષ્ટ્રપિતા કોણ છે?

(૨) એમની લખેલી આત્મકથાનું નામ શું છે?

(૩) એમનાં જીવન પ્રસંગોમાંથી તમે શું શું શીખ્યા?

**પઠન** – શિક્ષક વિદ્યાર્થીઓ પાસે પઠન કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ગાંધીજી, બાળપણ, ચોરી, પાઠશાળા
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન ગાંધીજીનાં જીવન વિશે પરિચિત કરાવશે.
- વિદ્યાર્થીઓને બીજા મહાનપુરુષોનાં જીવન વિશે પ્રસંગો સંભળાવો જેથી તેઓને જીવન જીવવાની પ્રેરણા મળે.
- આ પાઠ દ્વારા સાદગી તથા પ્રામાણિકતા શીખવા મળશે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

ગાંધીજી સાથે જોડાયેલ શબ્દો લખો.



## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ પાઠમાં કોના જીવન પ્રસંગો વર્ણવેલા છે? (૨) પોરબંદરથી ગાંધીજી ક્યાં આવીને ભણ્યા?
(૩) આપણા રાષ્ટ્રપિતા કોણ છે?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) આ પ્રસંગો કયા પુસ્તકમાંથી લેવામાં આવ્યાં છે? (૨) ગાંધીજી નાનપણમાં કેવા હતાં?
(૩) ગાંધીજીનો કયો સ્પેલિંગ ખોટો હતો?

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) માસ્તરે બૂટની અણી મારીને ગાંધીજીને શું સૂચવ્યું હતું?
(૨) ગાંધીજીનાં જીવનનાં બીજા બે પ્રસંગો લખો.

## ગૃહકાર્ય

- પાઠ્યપુસ્તકનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- ''ગાંધીજી'' વિશે એક ફકરો લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબો શોધો.**

૧) ગાંધીજીનો જન્મ કયા શહેરમાં થયો હતો?
(ક) પોરબંદર (ખ) ભાવનગર (ગ) રાજકોટ (ઘ) અમદાવાદ

૨) ગાંધીજીનો જન્મ ક્યારે થયો હતો?
(ક) ૨૬ જાન્યુઆરી ૧૮૫૦ (ખ) ૨જી ઓક્ટોબર ૧૮૬૯
(ગ) ૧૫ ઓગષ્ટ ૧૯૪૭ (ઘ) ૨જી ઓક્ટોબર ૧૮૫૦

૩) ગાંધીજીની આત્મકથા કયા નામે પ્રકાશિત થઈ?
(ક) હિંદ સ્વરાજ (ખ) મંગલપ્રભાત (ગ) સત્યાગ્રહ (ઘ) સત્યના પ્રયોગો

૪) પૂતળીબાઈ એ ગાંધીજીનાં .................. હતાં.
(ક) પત્ની (ખ) માતા (ગ) બહેન (ઘ) કાકી

૫) ગાંધીજીનાં પત્નીનું નામ .................. હતું.
(ક) પૂતળીબાઈ (ખ) વિનોબા (ગ) કસ્તુરબા (ઘ) મણીબહેન

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ શબ્દોને ધ્યાનમાં લઈને વાક્ય પ્રયોગ કરો.**

(૧) મૂર્ખાઈ – ...........................................................................................

(૨) અસર – ...........................................................................................

(૩) નાનકડા - ..................................................................

(૪) બીક - ..................................................................

(૫) સામાન્ય - ..................................................................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) આ પ્રસંગો ''સત્યનાં પ્રયોગા'' માંથી લેવામાં આવ્યા છે.

૨) હાઈસ્કૂલ સુધી પહોંચતા ગાંધીજીને બાર વર્ષ વીતી ગયા.

૩) ગાંધીજી નાનપણથી અતિશય શરમાળ છોકરો હતા. એટલે બાર વર્ષ સુધીમાં તેમણે કોઈ શિક્ષકને છેતર્યાનું સ્મરણ નથી કે નથી કોઈ મિત્ર કર્યાનું સ્મરણ.

૪) ગાંધીજી નાનપણમાં ખૂબ જ શરમાળ સ્વભાવનાં હતાં.

૫) ''કોઈ મારી મશ્કરી કરશે તો?'' એ વાતની ગાંધીજીને બીક લાગતી.

૬) ગાંધીજીએ ''કેટલ'' CKATTLE શબ્દ ખોટો લખ્યો હતો.

૭) માસ્તરે બૂટની અણી મારીને ગાંધીજીને સામેનાં છોકરાની પાટીમાં જોઈ લઈ જોડણી સુધારવાનું સૂચવ્યું હતું.

૮) ગાંધીજીને બીજા છોકરાઓમાંથી ચોરી કરતા કદી ન આવડ્યું.

**જ.૨ આપેલ શબ્દોનો વાક્યમાં ઉપયોગ કરો.**

૧) સમજૂતી - બંને મિત્રો વચ્ચે સમજૂતી થઈ ને ઝઘડો શમી ગયો.

૨) અતિશય - ગાંધીજી નાનપણમાં અતિશય શરમાળ હતા.

૩) મશ્કરી - ''કોઈ મારી મશ્કરી કરશે તો!'' એવી ગાંધીજીને હંમેશાં બીક રહેતી.

૪) ઠોઠ - વર્ગમાં ગાંધીજી એકલા જ ઠોઠ ઠર્યા.

૫) પેઠે - શાળાનાં એ દિવસો મને સારી પેઠે યાદ છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો લખો.**

૧) મજાક ૨) ગામડાનું ૩) બૂટ

**(ખ) વિરોધી શબ્દ લખો.**

૧) ગેરસમજ ૨) અણગમતું ૩) હોશિયાર ૪) વિસ્મરણ

**(ગ) ગાંધીજી વિશે ફકરો પાઠના આધારે લખો.**

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| જ.૧ | ૧) | (ક) | પોરબંદર | ૨) | (ખ) | ૨જી ઓક્ટોબર ૧૮૬૯ |
| | ૩) | (ઘ) | સત્યના પ્રયોગો | ૪) | (ખ) | માતા |
| | ૫) | (ગ) | કસ્તુરબા | | | |

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

| | | | |
|---|---|---|---|
| જ.૧ | (૧) | મૂર્ખાઈ - | સારી રીતે ન ભણવું, એ તો મૂર્ખાઈભર્યુ છે. |
| | (૨) | અસર - | દવાની અસર તો તરત જ થઈ. |
| | (૩) | નાનકડાં - | બાળકનાં નાનકડા હાથમાં કડલી શોભે છે. |
| | (૪) | બીક - | શીરીષને અંધારામાં બીક લાગે છે. |
| | (૫) | સામાન્ય - | આપણે તો સામાન્ય માણસ કહેવાઈએ. |

# ૯ પતંગનું પર્વ

## પાઠની રૂપરેખા

- મકરસંક્રાંતિ એટલે પતંગનું પર્વ.
- ૧૪મી જાન્યુઆરીનાં રોજ સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે.
- સૂર્ય ઉત્તર દિશા તરફ પ્રયાણ કરે છે તેથી 'ઉત્તરાયણ'.
- ઉત્તરાયણની આગલી રાત્રે પતંગ-દોરા, ફીરકી વગેરેની ખરીદી.
- મકરસંક્રાંતિનાં દિવસે સાંજ સુધી લોકો અગાશી પર પતંગ ઊડાડે છે.
- લોકો તલ કે મમરાનાં લાડું, શેરડી, જીંજરા, બોર વગેરે ખાય છે.
- ગાયને બાજરની ઘૂઘરી અને ઘાસ ખવડાવાય છે.
- તલના લાડુનું કે કપડા, ધાતુ અથવા પૈસાનું ગુપ્તદાન અપાય છે.
- છોકરાઓ પતંગ લૂંટે છે.
- પતંગ લૂંટતા-લૂંટતા અથડાઈ જાય, ત્યારે જાનહાનિ પણ થાય છે.
- શહેરોમાં પતંગ હરિફાઈનું આયોજન થાય છે.
- આ ધાર્મિક તહેવાર ગણાય છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને તહેવારનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને મકરસંક્રાંતિ વિશે સમજાવવું.
- વિદ્યાર્થીઓને ભારતનાં ધાર્મિક તહેવારો વિશે સમજાવવું.
- વિદ્યાર્થીઓને હળીમળીને તહેવાર મનાવવાનું સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ધાર્મિક તહેવારથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય કેળવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, પતંગ તથા અન્ય ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.
- વિદ્યાર્થીઓને વિવિધ તહેવારો વિશે સમજાવે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- આકાશમાં આપણે શું ઊડાડીએ છીએ?
- આપણાં ધાર્મિક તહેવારો કયા કયા ગણાય?
- મકરસંક્રાંતિને દિવસે આપણે શું કરીએ છીએ?
- સજ્જનતા રાખવાથી શું ફાયદો થાય?

**પઠન :** શિક્ષક પાઠનું પઠન કરશે અને કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ધાર્મિક તહેવારો, રાષ્ટ્રીય તહેવારો, પતંગ.
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન ધાર્મિક તહેવારનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય તહેવારો વિશે માહિતી આપો જેથી તેઓને ભારતીય સંસ્કૃતિ વિશે જાણકારી મળે.
- આ પાઠ દ્વારા ઉત્તરાયણ વિશે જાણકારી આપવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ/શબ્દ રમત

આપેલ કોષ્ઠકમાંથી ઉત્તરાયણ સાથે જોડાયેલી વસ્તુઓનાં નામ અલગ તારવીને લખો :

| | | | |
|---|---|---|---|
| પ | મ | મ | જીં |
| તં | ત | લ | જ |
| ગ | મ | મ | રા |
| લા | ડું | દો | રા |
| ફી | ર | કી | ગ |

(૧) મમરા (૨) ....................

(૩) .................... (૪) ....................

(૫) .................... (૬) ....................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) પતંગનું પર્વ કોને કહેવાય? (૨) આપણે પતંગ ક્યારે ઊડાડીએ છીએ?

(૩) મકરસંક્રાંતિ ક્યારે આવે છે?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) મકરસંક્રાંતિને ઉત્તરાયણ પણ શાથી કહેવાય છે?
(૨) ઉત્તરાયણ નિમિત્તે લોકો શાની શાની ખરીદી કરે છે?
(૩) ઉત્તરાયણનાં તહેવારે લોકો શાનું દાન કરે છે?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ઉત્તરાયણ આવતાં લોકોના જીવનની ગતિવિધિનું વર્ણન કરો.
(૨) મકરસંક્રાંતિની ધાર્મિકતા વિશે એક ફકરો લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- ‘ભારતના ધાર્મિક તહેવાર’ વિષય પર નિબંધ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ માત્ર એક જ શબ્દમાં જવાબ આપો.**

૧) મકરસંક્રાંતિ નિમિત્તે લોકો શું ઊડાડે છે? ........................
૨) લોકો શાનું દાન કરે છે? ........................
૩) અમુક શહેરોમાં શાનું આયોજન થાય છે? ........................
૪) સૂર્ય ઉત્તર દિશા તરફ પ્રયાણ કરે તેને? ........................
૫) પતંગરસિયાઓ શાની રાહ જોતા હોય છે? ........................

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચા જવાબ શોધીને લખો.**

૧) બાળકથી માંડીને, વૃદ્ધો એટલે –
(ક) બાલવૃદ્ધ (ખ) વયોવૃદ્ધ (ગ) બાલ્યાવસ્થા (ઘ) અબાલવૃદ્ધ

૨) ધર્મ + ઈક =
(ક) ધાર્મિક (ખ) ધર્મીક (ગ) ધર્મિક (ઘ) કોઇ નહીં

૩) બધાંથી અલગ અર્થ છે
(ક) સૂર્ય (ખ) દિનકર (ગ) દિવાકર (ઘ) શશી

૪) આનંદથી કરાતો અવાજ
(ક) કિકીયારી (ખ) શોર (ગ) કિલકારી (ઘ) બરાડા

૫) સાચી જોડણી છે
(ક) કીલકારી (ખ) કિલકારી (ગ) કીલકારિ (ઘ) બધી

# ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબો લખો.**

૧) મકરસંક્રાતિ એ ધાર્મિક તહેવાર કહેવાય છે.
૨) મકરસંક્રાતિ ૧૪મી જાન્યુઆરીનાં રોજ ઉજવવામાં આવે છે.
૩) આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને મકરસંક્રાતિ પણ કહે છે.
૪) ઉત્તરાયણ નિમિત્તે લોકો પતંગ, દોરા ને ફીરકીની ખરીદી કરે છે.
૫) ઉત્તરાયણનાં તહેવારે ગાયોને ઘૂઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલનાં લાડુનું દાન કરે છે. ઘણા લોકો ગરીબોને તથા ગાય માટે ગૌશાળામાં પૈસા આપીને ગુપ્તદાન પણ કરે છે.

**જ.૨ નીચેના પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર લખો.**

૧) દિવાળી પછી દેવદિવાળી ને પછી મકરસંક્રાતિનો તહેવાર આવે છે. નાના-મોટા શહેરોમાં તથા ગામડાઓમાં પતંગનાં વેપારીઓ અને દોરો રંગનારા કારીગરો રાતદિવસ કામે લાગી જાય છે. કેટલાક પતંગરસિયાઓ તો ઉત્તરાયણની રાહ જોયા વિના અગાઉથી જ પતંગ ઉડાડવા લાગે છે. ઉત્તરાયણની આગલી રાતે જ સહુ પતંગ દોરા ને ફીરકીની ખરીદી કરે છે.

મકરસંક્રાતિનાં દિવસે સવારથી સાંજ સુધી લોકો અગાશી પર જ રહે છે. આકાશમાં જાણે પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે.

૨) સૂર્ય મકર રાશિમાં પ્રવેશે તેને મકરસંક્રાંતિ કહેવાય. આ દિવસે લોકો ધાર્મિક કાર્યો કરે છે. ગાયને બાજરીની કે ઘઉંની ઘૂઘરી અને ઘાસ ખવડાવાય છે. લોકો તલના લાડુંનું દાન કરે છે. ઘણાં ગરીબોને, ગાયોને ગૌશાળામાં કે મંદિરમાં ગુપ્તદાન પણ કરે છે. આ દિવસે દાન કરવાથી લોકો પુણ્ય કમાય છે.

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) તહેવારોને લીધે એકબીજાનાં સંબંધોમાં મીઠાસ આવે છે.
૨) મકરસંક્રાતિ એટલે પતંગ નું પર્વ.
૩) ૧૪ જાન્યુઆરી નો દિવસ મકરસંક્રાતિ તરીકે ઉજવાય છે.
૪) ઉત્તરાયણને દિવસે રાત્રે આકાશમાં ટુક્કલ ઊડાડે છે.

**જ.૪ માત્ર એક શબ્દમાં જવાબ આપો.**

૧) મકરસંક્રાતિ ૨) ૧૪ જાન્યુઆરીનાં દિવસે ૩) ઉત્તરાયણ
૪) ટુક્કલ ૫) કન્ના

## વ્યાકરણ વિભાગ

**(ક) સંધિ જોડો.**

૧) મકર + સંક્રાતિ = મકરસંક્રાતિ
૨) ઉતર + અયન = ઉત્તરાયણ
૩) ધર્મ + ઈક = ધાર્મિક

**(ખ) શબ્દસમૂહ માટે એક એક શબ્દ આપો.**

૧) અબાલવૃદ્ધ ૨) મકરસંક્રાતિ ૩) ઉત્તરાયણ ૪) કિલકારીઓ

**(ગ) પર્યાયવાચી શબ્દો આપો.**

૧) રવિ, ભાનુ ૨) નિશા ૩) ઘરડા ૪) ગગન
૫) ત્યોહાર

**(ઘ) વિરોધી શબ્દ લખો.**

૧) પાતાળ ૨) દિવસ ૩) શાંતિ ૪) કડવાશ
૫) શોક

**(ચ) આપેલ શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) અબાલવૃદ્ધ - મકરસંક્રાતિનો તહેવાર અબાલવૃદ્ધ સૌને પ્રિય છે.
૨) પતંગરસિયા - કેટલાક પતંગરસિયા અગાઉથી જ પતંગ ઉડાડવામાં લાગી પડે છે.
૩) કિલકારી - હોલ આખો નાના બાળકોની કિલકારીઓથી ગુંજી ઊઠે છે.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) પતંગ ૨) તલનાં લાડુંનું ૩) પતંગ હરિફાઈનું
૪) ઉત્તરાયણ ૫) ઉત્તરાયણની

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) (ઘ) અબાલવૃદ્ધ ૨) (ક) ધાર્મિક ૩) (ઘ) શશી
૪) (ગ) કિલકારી ૫) (ખ) કિલકારી

# ૧૦ પ્રભુજીને પડદામાં રાખ મા

## કાવ્યની રૂપરેખા

- આ ભજનમાં આત્માના ઊંડાણથી પ્રભુને પારખવાની વાત છે.
- આત્મા એ જ પરમાત્મા છે.
- આત્મારૂપી પ્રભુજીને પડદામાં (દંભમાં) ન રાખ.
- માણસનું જીવન વંટોળિયા જેવું છે તે ક્યારે પૂર્ણ થઈ જાય તેની ખબર પડતી નથી.
- ભક્તિ રૂપી દીવો તું હંમેશા પ્રગટાવીને રાખ.
- આ દેહ ક્યારેક રાખમાં ભળી જશે, તેથી તેનું અભિમાન રાખવું નકામું છે.
- લાખોનાં રતન રૂપી મૂડીનો મોહ ન રાખીને આત્માનો અવાજ સાંભળવો અને ભક્તિમાં મન લગાવવું.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને જીવનનું સાચું મહત્ત્વ સમજાવવું.
- આત્મા એ જ પરમાત્મા છે એવું સમજાવવું.
- ખોટા દંભ-દેખાડાની જિંદગી છોડીને ભક્તિમાં ધ્યાન દેવું જોઇએ એવું સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને જીવની દાર્શનિકતાથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં ગાયન કલા વિકસાવવી.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક વગેરે.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને વિવિધ પ્રસંગો કહે.
- આત્મા એ જ પરમાત્મા છે એવું સમજાવે.
- પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- ભક્તિ એટલે શું?
- પરમાત્મા કોને કહેશો?
- આત્મા-પરમાત્મા વચ્ચે શો સંબંધ છે?

**ગાયન –** શિક્ષક આ કાવ્ય ગાશે અને વિદ્યાર્થીઓને ગવડાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે – ભક્તિ, ભગવાન, આત્મા, ભજન

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન આધ્યાત્મિક જ્ઞાનનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને આત્મા-પરમાત્મા એક જ છે એ સમજાવવા બીજા ઉદાહરણો આપી શકાય.
- આ કાવ્ય દ્વારા મનુષ્ય મોહ છોડીને આત્માનો અવાજ ઓળખતા શીખે તેવા પ્રયાસો છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- પ્રભુ સાથે જોડાયેલ શબ્દો લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કવિતાનાં કવિ કોણ છે?

(૨) કવિએ આ ભજનમાં કોને ઓઝલમાં ન રાખવા કહ્યું છે?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) દેહ શેમાં ભળી જશે?

(૨) આ ભજનમાં શું ન કરવાનું કહેવામાં આવ્યું છે?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

(૧) આ ભજનનો ટૂંકમાં ભાવાર્થ લખો. (૨) આવી બીજી કવિતાઓ શોધીને લખો.

**ગૃહકાર્ય**

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબો લખો.
- આ કાવ્યને કંઠસ્થ કરો.

## કાર્યપત્રિકા-૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) ઊડી ઊડીને ..........................................................

..........................................................................

..........................................................................

..........................................................................

............................................................ રાખ મા.

૨) આંખના રતન ......................................................

..........................................................................

..........................................................................

..........................................................................

............................................................ રાખ મા.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ.૧ ક્રિયાપદો લખો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો.**

૧) હોલાશે - દીવડો હોલાશે એવી ભક્તિ છે.

૨) ....................... - .........................................................

૩) ....................... - .........................................................

૪) ....................... - .........................................................

૫) ....................... - .........................................................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) કવિએ આ ભજનમાં આતમને ઓઝલમાં રાખવા કહ્યુ છે.

૨) વંટોળિયો આવશે ત્યારે વાયુ વીંજાશે અને દીવડો ઓલવાઈ જશે એવો ડર લાગે છે.

૩) દેહ રાખમાં ભળી જશે.

**જ.૨ નીચે આપેલ પ્રશ્નોમાં સવિસ્તાર જવાબ લખો.**

(૧) આ ભજનમાં પ્રભુજીને પડદામાં ન રાખવાનું કહેવાયું છે. કવિ કહે છે કે પૂજારી, આ વાયુ (પવન) ખૂબ જ વીંજાશે અને તારો દીવડો ઓલવાઈ જશે એવી વંટોળિયાની ભીતી તું રાખ નહિ. કવિ અભિમાન ન રાખવાનું સૂચવે છે. આ ઉપરાંત બહારનાં દંભ-દેખાડા રૂપી ખોટા હીરાનો મોહ ન રાખવાનું કહે છે.

(૨) આ ભજનમાં આત્માના ઊંડાણથી પ્રભુને પારખવાની વાત કરવામાં આવી છે. કવિ કહે છે કે આત્મા એ જ પરમાત્મા છે. એથી આત્મારૂપી પ્રભુજીને તું પડદામાં ન રાખ, આત્માને ઓળખીને ચાલ માણસનું જીવન વંટોળિયા જેવું છે. ક્યારે પૂર્ણ થઈ જાય તેની ખબર પડતી નથી. પણ તેથી ડરવાની જરૂર નથી. ભક્તિરૂપી દીવો તારો હંમેશાં પ્રગટાવી રાખ. આ દેહ ક્યારેક રાખમાં ભળી જશે. તેથી તેનું અભિમાન રાખવું નકામું છે. પંખીનું ઉદાહરણ આપતાં કવિ કહે છે કે પંખીને ક્યારેય અભિમાન નથી હોતું. લાખોનાં રતન રૂપી મૂડીનો મોહ ન રાખવો અને આત્માનો અવાજ સાંભળીને પરમાત્માની ભક્તિ કરવી.

**જ.૩ કાવ્યપર્તિ કરો.**

પાઠ્યપુસ્તક મુજબ કરો.

**જ.૪ ભાવાર્થ સમજાવો.**

અહીં કવિ કહે છે કે આત્મા એ જ પરમાત્મા છે, જે હીરા સમાન છે. તેજસ્વી છે. તેને ક્યારેય કોઈ લૂંટી શકતું નથી. તેથી બહારના દંભ કે મોહ રૂપી હીરાને તું ન પકડી રાખ. હે મનુષ્ય! તું તારા આત્માને ઓળખવાનો પ્રયત્ન કર તેનાં પરથી પડદો દૂર કર.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દ લખો.**

૧) પવન ૨) શરીર ૩) રાખ ૪) હિમાળો ૫) સમુદ્ર

**(ખ) ક્રિયાપદ લખો. જેમકે**

૧) હોલાશે ૨) વીંજાશે ૩) ઊડવું ૪) લૂંટવું ૫) ખેંચવું

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

૧) પાઠ્યપુસ્તકમાં રહેલી કવિતા મુજબ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

૨) ઊડવું - પંખીઓ આકાશમાં ઊડે છે.
૩) વીંજાશે - વાયુ વીંજાશે ત્યારે દીવડો હોલાશે.
૪) લૂંટવું - ચોર લૂંટી ગયો.
૫) થાકવું - અમે તો થાકી ગયા.

# ૧૧ શહેરી વૃક્ષ

## પાઠની રૂપરેખા

- વૃક્ષોનું મહત્ત્વ તથા ઉપયોગિતા રજૂ થાય છે.
- શહેરીબાબુ ફરતાં-ફરતાં વૃક્ષ નીચે આવ્યા.
- મોટુ ઘટાટોપ વૃક્ષ પોતાના શહેરમાં હોય એવી ઇચ્છા વ્યક્ત કરી.
- વૃક્ષને શહેરમાં આવવા કહ્યું.
- વૃક્ષે માનવીની સેવા કરવાનું નક્કી કર્યું.
- બીજા વૃક્ષો માનવીને સ્વાર્થી કહીને ના પાડે છે.
- વૃક્ષ શહેર તરફ જવા રવાના થયું.
- વૃક્ષ મોટાં મેદાનમાં ઊભુ રહી ગયું.
- બપોરનાં સમયે લોકો તેના છાયા નીચે આવવા લાગ્યા.
- વૃક્ષનાં વખાણ કરે છે લોકો.
- દરરોજ હાથલારીવાળા, સાઇકલવાળા, મુસાફરો વૃક્ષનાં છાંયાનો લાભ લેતાં.
- નગરપાલિકાએ પાકો રસ્તો બનાવવા માટે વૃક્ષને કાપવાનું નક્કી કર્યું.
- લોકોએ તેને બાથભીડીને બચાવ્યું.
- આમ વૃક્ષ બચી ગયું ને વર્ષો સુધી લોકોની સેવા કરી.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વૃક્ષનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને વૃક્ષની ઉપયોગીતા સમજાવવી.
- વિદ્યાર્થીઓને વૃક્ષથી થતાં ફાયદા સમજાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓનો પ્રકૃતિ પ્રેમ વિકસિત કરવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં લેખન તથા પઠન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, વૃક્ષને લગતા ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને વૃક્ષનું મહત્ત્વ સમજાવે.
- વિદ્યાર્થીઓને પર્યાવરણ શુદ્ધિ વિશે સમજાવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- પર્યાવરણ વિશે તમે શું જાણો છો?
- પર્યાવરણને સુધારવા માટે તમે શું કરશો?
- વૃક્ષનાં ફાયદાઓ શું છે?

**પઠન** – શિક્ષક પાઠ પઠન કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - વૃક્ષ, પરોપકાર, શહેર, શહેરી લોકો.
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન વૃક્ષનું મહત્ત્વ સમજાવશે.
- વિદ્યાર્થીઓને પર્યાવરણ શુદ્ધિ વિશે જાણકારી આપો જેથી તેઓ પ્રકૃતિ પ્રેમી બને.
- આ પાઠ દ્વારા વૃક્ષનો પરોપકારી સ્વભાવ દર્શાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી પ્રકૃતિનાં તત્ત્વોના નામ શોધીને લખો.

| | | | |
|---|---|---|---|
| પ | વ | ન | સૂ |
| પા | વૃ | ચં | ર્ય |
| ણી | ક્ષ | દ્ર | તા |
| ધ | ર | તી | ર |
| આ | કા | શ | લા |

(૧) પવન
(૨) ..................
(૩) ..................
(૪) ..................
(૫) ..................
(૬) ..................
(૭) ..................
(૮) ..................
(૯) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ પાઠમાં કોની વાત કરી છે?
(૨) વૃક્ષ ક્યાં ઊભું?
(૩) વૃક્ષનાં છાપે કોણ-કોણ રોજ આવે છે?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) વૃક્ષને જોઇને શહેરીબાબુના મનમાં શો વિચાર આવ્યો?
(૨) વૃક્ષને શાનો ચસ્કો લાગ્યો?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) વૃક્ષને શહેરમાં શા માટે ગમવા લાગ્યું? (૨) વૃક્ષની ઉપયોગીતા વિશે લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.
- 'વૃક્ષ ની ઉપયોગીતા' વિષય પર નિબંધ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં સાચાં જવાબો શોધીને લખો.**

૧) વૃક્ષ રાત્રે કોને આશરો આપે છે?
(ક) પંખીઓને (ખ) ઢોરને (ગ) માણસને (ઘ) કોઇને નહીં

૨) તડકામાં વૃક્ષ શું આપે છે?
(ક) ઘર (ખ) ખોરાક (ગ) છાયો (ઘ) પાણી

૩) તડકાથી બચવા વટેમાર્ગુઓ ક્યાં ઊભા રહે છે?
(ક) મેદાનમાં (ખ) ઘર પાળે (ગ) દુકાનમાં (ઘ) વૃક્ષનાં છાયે

૪) વૃક્ષ ક્યાં સ્થિર થયું?
(ક) જંગલમાં (ખ) મેદાનમાં (ગ) ફળિયામાં (ઘ) ક્યાંય નહીં

૫) વૃક્ષને શહેરમાં આવવાનું કોણે કહ્યું?
(ક) શહેરીબાબુએ (ખ) બાળકોએ (ગ) મજૂરે (ઘ) કોઈએ નહીં

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબો લખો.**

૧) 'વૃક્ષ'નો પર્યાયવાચી શબ્દ છે
(ક) ઝાડ (ખ) ફૂલ (ગ) પાન (ઘ) ફળ

૨) 'શહેર'નો વિરોધી શબ્દ છે
(ક) સિનેમા (ખ) મેદાન (ગ) ગામડું (ઘ) આકાશ

૩) સાચી જોડણી છે
(ક) વીશાળ (ખ) વિશાળ (ગ) વીસાળ (ઘ) વિસાળ

૪) સાચી જોડણી છે
(ક) તયાર (ખ) ત્યર (ગ) ત્યાર (ઘ) તૈયાર

૫) બધાંથી જુદા જ અર્થવાળો શબ્દ છે.

(ક) માણસ (ખ) વ્યક્તિ (ગ) જન (ઘ) મન

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલ પ્રશ્નોનાં જવાબો લખો.**

૧) શહેરી બાબુને ફરવા જવાનો શોખ હતો.

૨) શહેરી બાબુ નદીને સામે પાર આવેલી ગીચ ઝાડીમાં ફરવા ગયા.

૩) શહેરી બાબુને પોતાની તરફ તાકી રહેતા જોઈને વૃક્ષને ખૂબ જ નવાઈ લાગી.

૪) વૃક્ષને જોઈને શહેરી બાબુનાં મનમાં વિચાર આવ્યો કે આવા ઘટાટોપ અને ઊંચા વૃક્ષો જો મારા શહેરમાં હોય તો શહેરની શોભા કેટલી બધી વધી જાય!

૫) વૃક્ષને માનવીની સેવા કરવાનો ચસ્કો લાગ્યો હતો.

**જ.૨ નીચે પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો.**

૧) શહેરી બાબુનાં મત પ્રમાણે વૃક્ષ શહેરમાં હોવુ જોઈએ. ઘટાદાર વૃક્ષોને કારણે શહેરની શોભા વધી જાય. વૃક્ષ મનુષ્યોને પણ ઉપયોગી થઈ શકે. વૃક્ષની શીતળ છાંયામાં ઉનાળાની ગરમીથી બચવા લોકો આવીને બેસે. વૃક્ષનાં થડ પાસે પરબ માંડે. અનેક રીતે વૃક્ષ શહેરીજનોને ઉપયોગી થઈ શકે.

૨) બીજા વૃક્ષના મત પ્રમાણે માનવીઓ સ્વાર્થી હોય છે. આપણી ગરજ હશે ત્યાં સુધી આપણા વખાણ કરશે અને કામ કરાવશે. પણ ગરજ મટી જશે ત્યારે આપણી સેવાઓ ભૂલી જશે. માનવી જેવો નમકહરામ આ જગતમાં બીજો કોઈ નથી.

૩) શહેરમાં વૃક્ષ પાસેથી પસાર થતા હાથતારીવાળા, સાઇકલવાળા, મુસાફરો વગેરે વૃક્ષનાં છાંયડે બે ઘડી બેસતા. પોતાનાં જીવનની ખાટી મીઠી વાતો કરતા. વૃક્ષને તે સાંભળવી ગમતી ધીરે ધીરે વૃક્ષની આસપાસ મકાનો બનવા લાગ્યા. લોકો તેમાં રહેવા લાગ્યા. વૃક્ષનાં થડ પાસે પરબ મંડાઈ. થોડે દૂર હોટેલ પણ થઈ. તેની છાયા નીચે ચંપલ સાંધનાર મોચી, સાઇકલનું પંચર બનાવનાર વગેરે બેસવા લાગ્યા. આથી વૃક્ષને શહેરમાં ગમવા લાગ્યું.

૪) શહેરની નગરપાલિકાને પાકોપહોળો રસ્તો બનાવવો હતો, રસ્તાની વચ્ચે વૃક્ષ આવતું હતું. તેથી તેને કાપવું એવો ઠરાવ પસાર કરવામાં આવ્યો. આ વાતની જાણ થતાં જ સાઇકલવાળો, હોટલવાળો, મોચી અને બાકી બધાંએ વૃક્ષને બચાવવાનું નક્કી કર્યું. અને તેઓ વૃક્ષને બાથ ભરીને ઊભા રહી ગયા. આમ વૃક્ષ બચી ગયું.

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) શહેરમાં વૃક્ષની નીચે સૌપ્રથમ સાઇકલવાળો આવ્યો.

૨) ધીરે ધીરે વૃક્ષની આસપાસ મકાનો બનવા લાગ્યાં.

૩) નગરપાલિકાના માણસો વૃક્ષ કાપવા આવ્યા હતાં.

૪) સારા માણસની કદર થાય છે.

**જ.૪ કોણ બોલે છે?**

૧) વૃક્ષ ૨) માણસ ૩) વૃક્ષ

## વ્યાકરણ વિભાગ

**(ક) સાચી જોડણી**

૧) વિશાળ ૨) સ્થિર ૩) જીવતેજીવ ૪) તૈયાર

**(ખ) સમાનાર્થી શબ્દ**

૧) કિનારો ૨) મોટું ૩) ઝાડ ૪) વિશ્રામ
૫) જીવન

**(ગ) વિરોધી શબ્દો.**

૧) ગામડું ૨) મૃત્યુ ૩) ઠંડી ૪) દિવસ
૫) તડકો

**(ઘ) રૂઢિપ્રયોગનાં અર્થ.**

૧) તાકી રહેવું - એકધારું જોઈ રહેવું.
**વાક્ય** : માણસ વૃક્ષને તાકી રહ્યો.

૨) ચસ્કો લાગવો - શોખ જાગવો.
**વાક્ય** : મલયને સિનેમા જોવાનો ચસ્કો લાગ્યો હતો.

**(ચ) શબ્દ સમૂહ માટે એક શબ્દ.**

૧) ઘટાદાર ૨) સાઈકલ સવાર

**(છ) વાક્ય પ્રયોગ.**

૧) ચસ્કો : કાકીને ગળ્યું ખાવાનો ચસ્કો લાગ્યો છે.
૨) ઘટાદાર : થડનું ઝાડ ઘટાદાર હોય છે.
૩) શીતળ : ઝાડનો છાયો શીતળ હોય છે.
૪) છાંયડો : ધોમધખતા તાપમાં ક્યાંક છાંયડો મળે તો કેવું સારું લાગે!

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

જ.૧ ૧) (ક) પંખીઓને ૨) (ગ) છાયા ૩) (ઘ) વૃક્ષના છાયે
૪) (ખ) મેદાનમાં ૫) (ક) શહેરીબાબુએ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

જ.૧ ૧) (ક) ઝાડ ૨) (ગ) ગામડું ૩) (ખ) વિશાળ
૪) (ઘ) તૈયાર ૫) (ઘ) મન

# ૧૨ બગીચાની મુલાકાત

## પાઠની રૂપરેખા

- શહેરનાં પ્રદૂષિત વાતાવરણમાં બગીચા દ્વારા તન-મનને તાજગી મળે છે.
- બગીચો ફરવાનું ઉત્તમ સ્થળ.
- બગીચાનું પ્રાકૃતિક સૌન્દર્ય આંખોને તાજગી આપે છે.
- બગીચામાં કુણી લૉન, રંગબેરંગી ફૂલો, નાના-મોટા વૃક્ષો.
- બગીચામાં શીતળ પવન, ફૂલોની મ્હેક, પંખીઓનો કલબલાટ મનને આનંદ આપે છે.
- અબાલ-વૃદ્ધ સહુને આનંદ અપાવતો બગીચો.
- નાના-મોટા સહુ રમતો રમે છે, વાતો કરે છે ને ફરે છે, આનંદ કરે, સત્સંગ કરે છે.
- ઠેકઠેકાણે પાટિયા પર લખેલું છે 'ફૂલ તોડવાની મનાઈ છે.'

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને બગીચાનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને બગીચામાં થતી પ્રવૃત્તિઓથી અવગત કરાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પ્રકૃતિ - પ્રેમી બનાવવાનાં પ્રયાસો કરવા.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં લેખન તથા પઠન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર તથા પાઠ્યપુસ્તક, પ્રકૃતિને લગતાં થોડાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને પ્રાકૃતિક વાતાવરણનો અનુભવ કરાવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવ પ્રમાણે વિષય પ્રવેશ કરે.
- વિદ્યાર્થીઓને બગીચાનું મહત્ત્વ સમજાવે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- તમે બગીચામાં ક્યારેય ગયા છો?
- બગીચામાં જઇને તમે શું કરો?
- બગીચામાં શું શું હોય?

**પઠન** - શિક્ષક/શિક્ષિકા પાઠ પઠન કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - બગીચો, ફૂલો, પ્રકૃતિનાં તત્ત્વો, રજા
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઈએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઈએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઈએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન પ્રાકૃતિ વાતાવરણને પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને ઝાડ-પાન-ફૂલો વિશે વાતો સંભળાવો જેથી તેને પ્રકૃતિનું મહત્ત્વ સમજાય.
- આ પાઠ દ્વારા પર્યાવરણ શુદ્ધિનાં પ્રયાસો છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ શબ્દ સીડીમાં શબ્દો મૂકીને તે શબ્દો અલગથી લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| બ | ગી | ચો | | | |
| | ચ | ર | સ | | |
| | | સ | ર | સ | |
| | | | ક | મ | ળ |
| | | | સ | સ | લું |

૧) બગીચો
૨) ગીચ
૩) ચોરસ
૪) ચરસ
૫) સરસ
૬) સરકસ
૭) કમળ
૮) સસલું

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) બગીચામાં લૉન કેવી હતી?
(૨) ફૂલો કેવા લાગતાં હતાં?
(૩) મહેંદીની વાડ કેવી હતી?

- **વિશેષ વિદ્યાર્થીઓ માટે**

(૧) બાળકોનાં સગા-સંબંધીઓ કઈ-કઈ રમતો રમતાં હતાં?
(૨) બગીચામાં ઠેકઠેકાણે કઈ સૂચનાઓ લખેલી હતી?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

(૧) બગીચાનાં વાતાવરણ વિશે એક ફકરો લખો.
(૨) પ્રકૃતિનું જીવનમાં મહત્ત્વ વિશે એક ફકરો લખો.

**ગૃહકાર્ય**

- સ્વાધ્યાયનાં પ્રશ્નોત્તર લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ ખાલી જગ્યા પૂરો :**

૧) શહેરોનાં પ્રદૂષિત વાતાવરણમાં બગીચાઓ ................................ ને તાજગી આપે છે.
૨) બગીચો માત્ર ............ નું જ સ્થળ નહીં પરંતુ ............. સુધારવા માટેનું સ્થળ પણ છે.
૩) નાના-મોટા .................... સહુ કોઈ રજાનો આનંદ માણવા માટે બગીચામાં એકઠાં થયાં હતાં.
૪) કેટલાંક ............................................................... માં ઊંચકનીચક થતાં હતાં.
૫) ................................................................................ તોડવાની મનાઈ છે.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ આપેલ શબ્દોનાં વાક્યમાં પ્રયોગ કરો.**

૧) આનંદ - .........................................................................
૨) ચકાસણી - .........................................................................
૩) રંગબેરંગી - .........................................................................
૪) લીલીછમ - .........................................................................
૫) મનોહર - .........................................................................

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) બગીચાની લૉન લીલીછમ અને કુણી હતી.
૨) ફૂલો રંગબેરંગી હતાં.
૩) મહેંદીની વાડ અવનવા આકારવાળી આકર્ષક હતી.
૪) બગીચામાં ઠેકઠેકાણે સૂચના લખેલી હતી કે 'ફૂલ તોડવાની મનાઈ છે.'
૫) બાળકોના સગાસંબંધીઓ ઊભી ખો રમતાં હતાં.

**જ.૨ નીચે પ્રશ્નોનાં જવાબ સવિસ્તાર આપો.**

૧) બગીચામાં બાળકો ધમાલધોકો, સંતાકૂકડી, પકડમપટ્ટી જેવી રમતો રમતાં હતાં.

૨) બગીચામાં લીલુછમ ઘાસ છવાયેલું હતું. એવું લાગતું હતું જાણે લીલી જાજમ બીછાવી છે. આ કુણી લૉન પર ચાલતાં ઠંડકનો અનુભવ થતો હતો. ક્યારીઓમાં રંગબેરંગી ફૂલો ખીલેલા હતાં. તેની સુગંધથી વાતાવરણ સુગંધીદાર બની ગયું હતું. સાંજના સમયે પંખીઓ પોતાના માળામાં જતાં હતાં અને કલશોર મનોહર લાગતો હતો. નાના-મોટા અબાલવૃદ્ધ સહુ કોઈ રવિવારનો આનંદ લેવા બગીચામાં આવેલ હતાં. બાળકો જુદી-જુદી રમતો રમતાં હતાં. એક ખૂણામાં વૃદ્ધોનો સત્સંગ ચાલતો હતો. તો કેટલાંક લોકો હસતાં-હસતાં વાતો કરતાં હતાં. આમ બગીચાનું વાતાવરણ ખૂબ જ સુંદર હતું.

## વ્યાકરણ વિભાગ

**(ક) પર્યાયવાચી શબ્દો.**

૧) પુષ્પ ૨) બગીચો ૩) વૃક્ષ ૪) નભ
૫) પક્ષી

**(ખ) વિરોધી શબ્દો.**

૧) સ્વચ્છ ૨) અપ્રાકૃતિક ૩) કાંટો ૪) સવાર

**(ગ) શબ્દસમૂહ માટે એક-એક શબ્દ આપો.**

૧) મનમોહક ૨) મનોહર ૩) અબાલવૃદ્ધ

**(ઘ) વાક્ય પ્રયોગ -**

૧) અવનવું - બાળકોને અવનવી રમતો ગમે છે.
૨) સૌંદર્ય - બગીચાનું સૌંદર્ય ખીલી ઊઠ્યું.
૩) મહેકવું - ફૂલો મહેકતાં હતાં.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) તન-મનને ૨) ફરવાનુ, સ્વાસ્થ્ય ૩) અબાલવૃદ્ધ
૪) ચીચવામાં ૫) ફૂલ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) આનંદ - જીવનમાં આનંદ કરવો જરૂરી છે.
૨) ચકાસણી - દરેક વસ્તુની ચકાસણી કરવી જરૂરી છે.
૩) રંગબેરંગી - બાગમાં રંગબેરંગી ફૂલો ખીલ્યા છે.
૪) લીલીછમ - બગીચામાં લીલીછમ લૉન ઊગી છે.
૫) મનોહર - ગામડાંમાં સાંજનું દૃશ્ય મનોહર હતું.

# ૧૩ આભમાં ઝીણી ઝબૂકે

## કાવ્યની રૂપરેખા

- આ લોકગીતમાં પત્નીનો પતિ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થયો છે.
- પતિ સૂબાને ત્યાં નોકરી કરે છે.
- નોકરીએ જતી વખતે આભમાં વીજળીની સાથે ઝરમર વરસાદ વરસવા લાગે છે.
- પત્ની પોતાના પતિ પ્રત્યે ચિંતા વ્યક્ત કરે છે.
- તમે હવે નોકરી પર કેમ જશો?
- વરસાદને કારણે હાથી, ઘોડા, તેનાં પર બેસનાર સૂબો, મેડીને માળિયે બેસનાર રાણી પણ ભીંજાઈ ગઈ હશે.
- પણ પતિ નથી માનતો.
- પત્ની કહે છે કે તમને તો નોકરી વ્હાલી છે જ્યારે અમને તમારો જીવ વધુ વ્હાલો છે.
- અહીં પત્ની પોતાના પતિને પ્યારથી 'ગુલાબી' સંબોધનથી સંબોધે છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને પતિ-પત્નીનાં પ્રેમનું મહત્ત્વ સમજાવવું.
- વિદ્યાર્થીઓને વિશુદ્ધ પ્રેમનું ઉદાહરણ આપવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને સામાજિક સંબંધોથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં શ્રવણ કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓમાં ગાયન કલાનો વિકાસ કરવો.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને જીવનનાં વિવિધ પ્રસંગો કહેવા જેથી વિદ્યાર્થીઓમાં સામાજિક સંબંધોની સમજ કેળવાય.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનાં આધારે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

### પ્રશ્નોત્તર

- તમે લોકગીતો સાંભળ્યા છે?
- સામાજિક સંબંધો વ્યક્ત કરતાં લોકગીતો જાણો છો?
- પતિ-પત્નીનો સંબંધ શુદ્ધ હોય છે આ સંબંધ વિશે તમે શું કહેશો?

**ગાયન** - શિક્ષક આ લોકગીત ગાશે અને ગવડાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - લોકગીત, આભ, વીજળી, વરસાદ
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન સામાજિક સંબંધોનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓ સામાજિક સંબંધોની પવિત્રતા શીખશે.
- આ લોકગીત દ્વારા પતિ-પત્નીનાં પ્રેમપૂર્વક સંબંધો રજૂ કરવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

આપેલ ખાનાઓમાં તમારા સગાઓનાં નામ લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) આ લોકગીતમાં પતિ ક્યાં નોકરીએ જાય છે? (૨) પતિને નોકરીએ જવા માટે કોણ રોકે છે?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) પત્ની પતિને નોકરી પર જવા શા માટે રોકે છે?

(૨) આ લોકગીતમાં 'ગુલાબી' શબ્દ કોના માટે છે?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) આ કાવ્યનો ભાવાર્થ લખો.

(૨) આવા બીજા બે લોકગીત એકત્ર કરો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.
- આ લોકગીત કંઠસ્થ કરો.

## કાર્યપત્રિકા - ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) ભીંજાય હાથી ...........................................................

........................................................... ચાકરી રે.

૨) ભીંજાય મેડી ...........................................................

........................................................... ચાકરી રે.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

| **ખોટી જોડણી** | | **સાચી જોડણી** |
|---|---|---|
| ભિંજાય | - | .................... |
| ચાકરિ | - | .................... |
| ગૂલાબી | - | .................... |
| વિજળી | - | .................... |
| સુબો | - | .................... |

## ઉત્તર - શોધખોળની દુનિયા

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) આભમાં વીજળી ઝબૂકે છે.

૨) મેઘ ઝરમર ઝરમર વરસે છે.

૩) 'ગુલાબી' શબ્દ પત્નીએ પોતાના પતિ માટે વાપર્યો છે.

૪) પત્ની પોતાના પતિને સૂબાને ત્યાં નોકરી પર જવાની ના પાડે છે કેમ કે આભમાં વીજળી ઝબૂકવાની સાથે વરસાદ પડવા લાગ્યો છે.

૫) અસવાર પાતળિયો છે.

**જ.૨ નીચે આપેલા પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ આપો.**

૧) વરસાદ વરસ્યા પછી હાથી, ઘોડા, સૂબો, મેડી, માળિયા, રાણી, બારી, બંગલા ભીંજાય છે.

૨) આ લોકગીતમાં પત્નીનો તેનાં પતિ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત થાય છે. પતિ સૂબાને ત્યાં નોકરી કરે છે. નોકરીએ જવાનો સમય થતાં જ આભમાં વીજળી ઝબૂકવા લાગે છે અને ઝરમર ઝરમર વરસાદ વરસવા લાગે છે. આવા વાતાવરણમાં પત્ની પોતાનાં પતિ પ્રત્યે ચિંતા વ્યક્ત કરતાં જણાવે છે કે તમે હવે ચાકરી પર કેમ કરીને જશો? વરસાદને કારણે હાથી, ઘોડા, તેનાં પર સવાર થનાર સૂબો, મેડી ને માળિયા તથા તેમાં બેસનાર રાણી પણ ભીંજાઈ ગઈ હશે. આથી તમે નોકરી પર આજ ન જાવ. પણ પતિ નોકરી પર જવા તૈયાર હોય છે. ત્યારે પત્ની કહે છે કે તમને નોકરી વ્હાલી છે જ્યારે મને તો તમારો જીવ વ્હાલો છે. આમ કહીને તે પોતાના પ્રેમીને લોડથી 'ગુલાબી' સંબોધન કરીને પોતાના મનની લાગણી - પ્રેમ રજૂ કરે છે.

**જ.૩ કાવ્યપૂર્તિ - પાઠ્યપુસ્તક પ્રમાણે કરો.**

**જ.૪ પંક્તિઓ સમજાવો.**

જ.૨ ના (૨) મુજબ

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો.**

૧) આકાશ ૨) વાદળ, વરસાદ ૩) ગજ ૪) અશ્વ
૫) નોકરી

**(ખ) શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો.**

૧) ચાબખો ૨) ઘોડેસવાર, અસવાર ૩) સૂબો

**(ગ) વાક્ય પ્રયોગ.**

૧) ઝરમર - આભમાંથી ઝરમર ઝરમર વરસાદ વરસે છે.
૨) અસવાર - અસવાર હોંશિયાર હતો.
૩) ભીંજાય - વરસાદમાં કપડાં ભીંજાય છે.
૪) બંગલો - તમારો બંગલો ખૂબ જ વિશાળ છે.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** પાઠ્યપુસ્તકમાં આપેલ કવિતા મુજબ

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) ભીંજાય ૨) ચાકરી ૩) ગુલાબી ૪) વીજળી
૫) સૂબો

# ૧૪ મૂર્ખ શિષ્ય

## પાઠની રૂપરેખા

- ગુરુજી પાસે બ્રાહ્મણ પોતાના બે જોડિયા પુત્રોને ભણાવવા માટે મૂકી જાય છે.
- બંને ભાઈઓ ગુરુની સેવા કરવાનો આગ્રહ રાખતાં.
- રોજ રાત્રે પગચંપી કરતાં.
- બંને ગુરુની સેવા કરવા માટે ઝઘડતાં.
- ગુરુએ મોટાને જમણો પગ ને નાનાને ડાબો પગ ચાકરી કરવા માટે વહેંચી દીધો.
- મોટો બહારગામ ગયો.
- ગુરુજીએ મોટાનાં પગને ચંપી કરવા કહ્યું.
- નાનાએ ગુસ્સે થઇને ગુરુજીનો જમણો પગ ખૂબ દબાવીને મસળ્યો.
- મોટાને આ વાતની ખબર પડી.
- મોટાએ બીજા દિવસે નાનાનાં ભાગના પગને લાકડી વડે માર્યો.
- ગુરુ દર્દથી પીડાયા.
- બીજા શિષ્યોએ બચાવ્યા.
- ગુરુએ બંને મૂર્ખ ભાઇઓને માફ કર્યા.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને મૂર્ખો પર વિશ્વાસ ન રાખવાનું સમજાવ્યું.
- વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિષ્યો વિશે સમજાવ્યું.
- વિદ્યાર્થીઓને મૂર્ખાઈ ન કરવા વિશે સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વ્યાવહારિક સમજણનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરશો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.

## શૈક્ષણિક સાધનો

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ગુરૂ-શિષ્યોનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને અન્ય પ્રસંગો દ્વારા વ્યાવહારિક જ્ઞાન આપવાનો પ્રયાસ કરે.
- સાચા શિષ્યો વિશે જ્ઞાન આપે.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- ગુરૂ - શિષ્યનાં સંબંધો કેવા હોવા જોઈએ?
- પૌરાણિક યુગમાં શિક્ષણની પદ્ધતિ કેવી હતી?

**પઠન** - શિક્ષક પાઠ પઠન કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - આશ્રમ, ગુરૂ, શિષ્ય, સેવા-ચાકરી
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતાં શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન જીવનની વાસ્તવિકતાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજી વાર્તાઓ સંભળાવો જેથી તેઓને વ્યાવહારિક જ્ઞાનનો પરિચય થાય.
- આ વાર્તા દ્વારા સારા-નરસાનું ભાન કરાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- ‘શિક્ષા’ સાથે સંબંધિત શબ્દો લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) બ્રાહ્મણે પોતાના બંને પુત્રોને કોની પાસે મૂક્યા? (૨) બ્રાહ્મણનાં બંને પુત્રો કેવા હતાં?

(૩) બંને ભાઈઓનો શો આગ્રહ રહેતો?

## • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) આ વાર્તા દ્વારા શું શીખવા મળે છે?
(૨) ગુરુએ બંને ભાઈઓનો ઝઘડો શાંત કરવા શો ઉપાય કર્યો?
(૩) ગુરુનો બંને ભાઈઓ પ્રત્યે વિશેષ ભાવ શા માટે હતો?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) બંને ભાઈઓનાં સ્વભાવ તેમજ ગુણ વિશે લખો.
(૨) મોટો ભાઈ બહારગામ ગયો ત્યારે નાના ભાઈએ શું કર્યું?

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયના પ્રશ્નોનાં જવાબો લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ ખાલી જગ્યા પૂરો.**

૧) બંને ભાઈઓ સ્વભાવે એકબીજાથી ........................................ હતાં.
૨) બંને ભાઈઓ ગુરુજીની ચાકરી કરવા માટે .............................. કરતાં.
૩) મોટાએ ચાકરી કરવા માટે ગુરુજીના ..................... પગનો કબજો લીધો.
૪) નાનાએ જમણા પગની ........................................ બોલાવી દીધી.
૫) મોટાએ ડાબા પગ પર .................................................. માર્યો.

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ નીચે આપેલ વૈકલ્પિક પ્રશ્નોનાં જવાબ શોધીને લખો.**

૧) 'પડ્યો બોલ ઉપાડવો' રૂઢિપ્રયોગનો અર્થ છે.
(ક) આજ્ઞાનું પાલન કરવું (ખ) વાર્તા કરવી
(ગ) દડો ઉછાળવો (ઘ) વાત વચ્ચેથી ઉપાડી લેવી.

૨) 'ઓછી બુદ્ધિવાળો' માટે શબ્દ છે.
(ક) અબુદ્ધિ (ખ) કમબુદ્ધિ (ગ) મંદબુદ્ધિ (ઘ) બધાં

૩) અલગ અર્થવાળો શબ્દ છે.
(ક) પુત્ર (ખ) સપૂત (ગ) તનય (ઘ) સૂત્ર

૪) સાચી જોડણી છે.
(ક) શિષ્ય (ખ) શીષ્ય (ગ) શીસ્ય (ઘ) એક પણ નહીં

૫) 'ખરાબ દશા' માટે શબ્દ છે.
(ક) દુર્દશા (ખ) કુદશા (ગ) અદશા (ઘ) દુખદશા

## ઉત્તર – શોધખોળની દુનિયા

**જ.૧ નીચેના પ્રશ્નોનાં જવાબ આપો.**

૧) બ્રાહ્મણના બંને પુત્રો મૂર્ખ હતાં, બંને જોડિયા ભાઈઓ હતાં. પણ સ્વભાવે ભિન્ન હતાં.

૨) બંને ભાઈઓનો ગુરૂજીની સેવા કરવાનો આગ્રહ રહેતો હતો.

૩) બંને ભાઈઓ ગુરુજીનો પડ્યો બાલ ઉપાડી લેતાં. તેઓનો ગુરૂજીની સેવા કરવાનો આગ્રહ રહેતો હતો. આવો ભાવ જોઇને ગુરુજી તેઓનાં પ્રત્યે વિશેષભાવ રાખતા.

૪) ગુરૂએ બંને ભાઈઓને પોતાનાં બંને પગ સેવા કરવા માટે વહેંચી દીધાં. એકનો જમણો પગ ને બીજાનો ડાબો પગ. આમ બંને ભાઈઓ વચ્ચેનો ઝઘડો શાંત પાડ્યો.

૫) આ વાર્તા દ્વારા શીખવા મળે છે કે મૂર્ખ લોકો ક્યારેક મુશ્કેલીમાં મૂકી દે છે. એવા લોકોથી ચેતવું જ સારું.

**જ.૨ નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર સવિસ્તાર આપો.**

૧) બ્રાહ્મણનાં બંને પુત્રો જોડિયા ભાઈઓ હતાં પણ સ્વભાવે એક બીજાથી ભિન્ન હતાં. બંને મૂર્ખ હતાં. એકને બીજાની વાત ગમે જ નહીં. એક જે કરે એનાથી બીજો ઊલટું કરે. બંને ભાઇઓને ગુરુની સેવા કરવી ખૂબ જ ગમતી. તે માટે તે બંનેમાં ઝઘડો થતો રહેતો.

૨) મોટો ભાઈ બહાર ગામ ગયો હતો. ત્યારે ગુરુજીએ નાનાને મોટાભાઈનાં ભાગે આવેલ પગની સેવા કરવા કહ્યું. ત્યારે નાનાએ એ પગને જોરથી દબાવ્યો, પકડ્યો ને હાડકાની કડેડાટી બોલાવી દીધી. ગુરુજી દર્દથી ચીસો પાડવા લાગ્યા. પણ નાનો એ પગ છોડતો જ ન હતો.

**જ.૩ કોણ કોને કહે છે?**

૧) ગુરુજી – બંને ભાઈઓને

૨) નાનોભાઈ – મોટાભાઈને

૩) મોટોભાઈ – મનમાં બોલે છે.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દો આપો.**

૧) દીકરો ૨) અલગ ૩) નીંદર ૪) અસ્થિ

**(ખ) વિરોધી શબ્દ લખો.**

૧) ડાબા ૨) શિષ્ય ૩) બુદ્ધિમાન

**(ગ) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) બુદ્ધુ ૨) અવદશા ૩) તપોવન

**(ઘ) રૂઢિપ્રયોગનો વાક્યમાં પ્રયોગ.**

૧) પડ્યો બોલ ઉપાડવો – વાતને તરત જ ધ્યાનમાં લેવી.
**વાક્ય :** શિષ્ય ગુરૂજીનો પડ્યો બોલ ઉપાડી લેતાં.

૨) વાતનો નિકાલ લાવવો – સમસ્યાનો ઉકેલ કાઢવો.
**વાક્ય :** ગુરુજીએ વાતનો નિકાલ લાવી દીધો.

૩) આજ્ઞા ન ઉથાપવી – આજ્ઞાનું પાલન કરવું.
**વાક્ય :** ગુરુની આજ્ઞા ક્યારેય ઉથાપવી જોઈએ નહી.

**(ચ) સાચી જોડણી.**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | શિષ્ય | ૨) | મૂરખ | ૩) | ઝીંક્યો | ૪) | નિયમ |

## ઉત્તર – કાર્યપત્રિકા – ૧

**જ.૧**

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧) | ભિન્ન | ૨) | ઝઘડો | ૩) | જમણા | ૪) | કડેડાટી |
| ૫) | પથ્થર | | | | | | |

## ઉત્તર – કાર્યપત્રિકા – ૨

**જ.૧**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | (ક) | આજ્ઞાનું પાલન કરવું | ૨) | (ગ) | મંદબુદ્ધિ |
| ૩) | (ઘ) | સૂત્ર | ૪) | (ક) | શિષ્ય |
| ૫) | (ક) | દુર્દશા | | | |

# ૧૫ શ્રીમતી ઈંદિરા ગાંધી

## પાઠની રૂપરેખા

- આધુનિક ભારતમાં સૌપ્રથમ મહિલા વડાપ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધી.
- દેશનાં વિકાસમાં અમૂલ્ય ફાળો.
- જન્મ ૧૯મી નવેમ્બર, ૧૯૧૭.
- માતા કમલા નહેરું અને પિતા જવાહરલાલ નહેરું.
- ૧૯૩૫માં શાંતિનિકેતનમાં અભ્યાસ માટે ત્યાં રવીન્દ્રનાથ ટાગોરે 'પ્રિયદર્શિની' ઉપનામ આપ્યું.
- ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં ભણ્યા. ત્યાં ફિરોઝ ગાંધી સાથે મુલાકાત.
- ૧૬ માર્ચ ૧૯૪૨નાં રોજ ફિરોઝ ગાંધી સાથે લગ્ન.
- બે પુત્રો રાજીવ અને સંજય.
- ઈંદિરા ગાંધી ઈ.સ. ૧૯૪૧થી ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા.
- ઈ.સ. ૧૯૬૪માં રાજ્યસભાના સદસ્ય બન્યા.
- વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીનાં મંત્રીમંડળમાં પ્રધાન.
- ૧૯મી જાન્યુઆરી ૧૯૬૬માં ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન.
- ૩૧મી ઓક્ટોબર ૧૯૮૪નાં રોજ તેમના જ અંગરક્ષકો દ્વારા હત્યા થઈ.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભારતનાં મહાન નારી પાત્રોનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓને ઈંદિરા ગાંધીનો જીવન પરિચય આપવો.
- વિદ્યાર્થીઓને પ્રથમ મહિલા વડાપ્રધાનનાં કાર્ય વિશે પરિચિત કરાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાનનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ કેળવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસિત કરવું.

## શૈક્ષણિક સાધન

- વ્હાઇટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ઈંદિરા ગાંધીનાં ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને અન્ય નારી પાત્રો વિશે માહિતી આપે.
- વિદ્યાર્થીઓ નારીપાત્રમાંથી પ્રેરણા મેળવે.
- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- આપણા દેશનાં પ્રથમ વડાપ્રધાન કોણ હતાં?
- આપણા દેશનાં પ્રથમ મહિલા વડાપ્રધાન કોણ હતા?

**પથન** - શિક્ષક પાઠ પઠન કરાવશે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ભારતનાં વડા પ્રધાન, નારી પાત્ર, ઈંદિરા ગાંધી
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમાં બોલતાં શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમાં આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.

| સામાન્ય ભૂલો | નિવારણ |
|---|---|
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન નારી પાત્રનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય નારી પાત્રોનાં જીવન વિશે વાત કરે જેથી તેઓને પ્રેરણા મળે.
- આ પાઠ ઈંદિરા ગાંધીનો જીવનનો પરિચય કરાવશે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ કોષ્ઠકમાંથી નારીઓનાં નામ શોધો.

| | | | | |
|---|---|---|---|---|
| ઈં | દિ | રા | ગાં | ધી |
| લ | ક | મ | મૃ | ક |
| ક્ષ્મી | સ્તુ | લ્લિ | ણા | લ્પ |
| બા | ર | કા | લિ | ના |
| ઈ | બા | ર | ની | મ |

૧) મલ્લિકા ૨) ..................

૩) .................. ૪) ..................

૫) .................. ૬) ..................

## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) ભારતનાં પ્રથમ મહિલા વડા પ્રધાન કોણ હતાં? (૨) ભારતનાં બીજા વડાપ્રધાન કોણ હતાં?
(૩) ઈંદિરા ગાંધીનો જન્મ ક્યારે થયો હતો?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) રવીન્દ્રનાથ ટાગોરે ઈંદિરા ને શું ઉપનામ આપ્યું હતું?
(૨) ભારત-પાકિસ્તાનનું યુદ્ધ ક્યારે થયું હતું? (૩) ઈંદિરા ગાંધીનો અભ્યાસ વિશે લખો.

### • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) ઈંદિરા ગાંધીના કાર્યો વિશે લખો. (૨) આવા બીજા નારી પાત્ર વિશે લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.

## કાર્યપત્રિકા - ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ ટૂંકમાં જવાબ લખો.**

૧) ઈંદિરા ગાંધીનો જન્મ થયો હતો - ...........................................
૨) ઈંદિરા ગાંધીનું અવસાન થયું હતું. - ...........................................
૩) ઈંદિરા ગાંધી વડાપ્રધાન બન્યા હતાં. - ...........................................
૪) ઈંદિરા ગાંધીએ લગ્ન કર્યા હતાં - ...........................................
૫) ઈંદિરા ગાંધીનાં પિતાનું નામ - ...........................................

## કાર્યપત્રિકા - ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ માત્ર એક શબ્દમાં જ જવાબ લખો.**

૧) જેનું કોઈ મૂલ્ય નથી. - .........................................
૨) મૃત્યુબાદ શબને જમીનમાં દાટવું. - .........................................
૩) મૃત્યુબાદ શબને બાળવું - .........................................
૪) 'આધુનિક'નો વિરોધી શબ્દ - .........................................
૫) 'જીવન'નો પર્યાયવાચી શબ્દ - .........................................

## ઉત્તર - પાઠ્યપુસ્તકમાંથી

**જ.૧ નીચેના પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) જવાહરલાલ નહેરું. ૨) ઈંદિરા ગાંધીનો જન્મ ૧૯મી નવેમ્બર ૧૯૧૭નાં રોજ થયો હતો.
૩) રવીંદ્રનાથ ટાગોરે ઈંદિરાને 'પ્રિયદર્શિની' એવું ઉપનામ આપ્યું હતું.
૪) ભારત-પાકિસ્તાનનું યુદ્ધ ઈ.સ. ૧૯૭૧માં થયું હતું.
૫) ઈંદિરા ગાંધી પહેલાં ભારતના વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રી હતાં.

**જ.૨ આપેલા પ્રશ્નોનાં સવિસ્તાર જવાબ લખો.**

૧) ઈ.સ. ૧૯૩૫માં સ્કૂલની શિક્ષા પૂર્ણ કર્યા બાદ ઈંદિરાએ શાંતિનિકેતનમાંની વિશ્વભારતી વિશ્વવિદ્યાલયમાં પ્રવેશ મેળવ્યો. ત્યારબાદ તેમણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાં પ્રવેશ લીધો.

૨) ઈંદિરા ગાંધી ઈ.સ. ૧૯૪૧થી ભારતીય સ્વતંત્રતા આંદોલનમાં જોડાયા ત્યારથી તેમનું રાજકીય જીવન શરૂ થયું. પિતા પંડિત જવાહરલાલ નહેરુંનાં મૃત્યુ પછી ઈ.સ. ૧૯૬૪માં તેઓ રાજ્યસભાના સભ્ય બન્યા. એ સમયનાં વડાપ્રધાન લાલબહાદુર શાસ્ત્રીનાં મંત્રી મંડળમાં ઈંદિરા ગાંધીને સૂચના અને પ્રસારણ મંત્રી બનાવવામાં આવ્યાં. ત્યારબાદ ૧૯મી જાન્યુઆરી ૧૯૬૬માં તેઓ ભારતનાં પ્રથમ મહિલા વડાપ્રધાન બન્યા.

**જ.૩ ખાલી જગ્યા પૂરો.**

૧) ઈંદિરા ગાંધીની હત્યા તેમના જ અંગરક્ષકો એ કરી હતી.

૨) ઈંદિરા ગાંધીના માતાજીનું નામ કમલા નહેરું હતું.

૩) ઈંદિરા ગાંધીના બે પુત્રો હતા. ૧. રાજીવ ૨. સંજીવ

## વ્યાકરણ વિભાગ

**(ક) શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.**

૧) દફનવિધિ  ૨) અથાક  ૩) અમૂલ્ય  ૪) સત્યાગ્રહ

**(ખ) સમાનાર્થી શબ્દો.**

૧) કીંમતી  ૨) આઝાદી  ૩) રંક  ૪) હોશિયાર

**(ગ) વિરોધી શબ્દો.**

૧) પ્રાચીન  ૨) ગુલામી  ૩) અંતિમ

**(ઘ) શબ્દોનો વાક્યમાં પ્રયોગ કરો.**

૧) રાજકીય - ઈંદિરા ગાંધી રાજકીય જીવન જીવ્યાં.

૨) ભ્રષ્ટાચાર - દેશમાં ભ્રષ્ટાચાર સર્વત્ર ફેલાયેલો છે.

૩) કુશળ - ઈંદિરા ગાંધી કુશળ રાજનેત્રી હતાં.

૪) આંદોલન - ગાંધીજીએ આઝાદી મેળવવા આંદોલન કર્યું હતું.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧** ૧) ૧૯ મી નવેમ્બર ૧૯૧૭  ૨) ૩૧ મી ઓક્ટોબર ૧૯૮૪

૩) ૧૯ મી જાન્યુઆરી ૧૯૬૬  ૪) ૧૬ મી માર્ચ ૧૯૪૨

૫) જવાહરલાલ નહેરું

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧** ૧) અમૂલ્ય  ૨) દફનવિધિ  ૩) અગ્નિસંસ્કાર  ૪) પ્રાચીન

૫) જિંદગી

# ૧૬ વાદલડી વરસી રે

## કાવ્યની રૂપરેખા

- આ લોકગીતમાં નવયૌવનાનાં મનોભાવોનું ચિત્રણ છે.
- વાદળનાં વરસવાની સાથે નવયૌવના પોતાનાં પતિને મળવા માટે ઉત્સુક છે.
- તે પોતાનાં વીરાને પગના કડલા, હાથની બંગડી, નાકની નથણી અને ડોકનો હાર જલ્દીથી લાવવાનું કહે છે.
- નવયૌવના સુંદર રીતે તૈયાર થઈને સાસરિયે જવા માગે છે.
- તે તેનાં પતિને ખુશ કરવા ઈચ્છે છે.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને સ્ત્રીના મનોભાવોથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓ સામાજિક જ્ઞાન મેળવે તેવા પ્રયાસો કરવા.
- વિદ્યાર્થીઓને પતિ-પત્નીનાં સુંદર સંબંધોથી અવગત કરાવવા.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને વ્યાવહારિકતાનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓનો ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ વિકસાવવી.
- વિદ્યાર્થીઓમાં પઠન તથા લેખન કૌશલ્ય વિકસાવવું.
- વિદ્યાર્થીઓની ગાયન કલાને પ્રોત્સાહન આપવું.

## શૈક્ષણિક સાધન

- વ્હાઈટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, કેટલાંક ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને જીવનનાં વિવિધ પ્રસંગો સંભળાવે.
- વિદ્યાર્થીઓનાં સામાજિક જ્ઞાનનો વિકાસ કરવાનો પ્રયાસ કરે.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવોનાં આધારે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- વરસાદ ક્યાંથી વરસે છે?
- વરસાદ વરસે તેની માણસ પર શી અસર થાય?
- એક નૌવયૌવના આવા વાતાવરણમાં શું વિચારે.

**ગાયન** - શિક્ષક આ કવિતા ગાય સંભળાવે અને ગવડાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - લાગણી, સાસરું, ઘરેણા

- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| જોડણીની ભૂલો | માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| અભિવ્યાક્તિમાં ખામી | યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| ઉચ્ચારણની અશુદ્ધિ | વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન યુવતીનાં મનોભાવથી પરિચિત કરાવે છે.
- વિદ્યાર્થીઓને બીજા ગીતો દ્વારા સામાજિક સંબંધો સમજાવો.
- આ ગીત દ્વારા સામાજિક મનોભાવો જાણવાના પ્રયાસો છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ ખાનાઓમાં ઘરેણાનાં નામ લખો.




## રચનાત્મક મૂલ્યાંકન

### • સાધારણ વિદ્યાર્થીઓ માટે

(૧) શું વરસે છે?

(૨) શું છલકાયું?

### • વિશેષ વિદ્યાર્થીઓ માટે

(૧) વીરો શું શું લેવા ગયો?

(૨) નવયૌવનાને ક્યાં જવાની ઉતાવળ છે?

## • વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે

(૧) આ લોકગીતમાં રજૂ થયેલાં નવયૌવનાનાં મનોભાવ વર્ણવો.
(૨) આવા બીજા ગીતો એકત્ર કરો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.

## કાર્યપત્રિકા – ૧ (કાવ્યમાંથી)

**પ્ર.૧ કાવ્યપૂર્તિ કરો.**

૧) વાદલડી વરસે ....................................................
....................................................
....................................................
.................................................... છલી વળ્યાં.

૨) મારી નાક ....................................................
....................................................
....................................................
.................................................... છલી વળ્યાં.

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

| | **ખોટી જોડણી** | **સાચી જોડણી** |
|---|---|---|
| ૧) | વાદલડિ | .................. |
| ૨) | પીયર | .................. |
| ૩) | વિરો | .................. |
| ૪) | બંગડિ | .................. |
| ૫) | સાસરીયું | .................. |

## ઉત્તર – પાઠ્યપુસ્તકમાંથી

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) વાદલડી વરસે છે.
૨) વરસાદ આવવાથી સરોવર છલકાયું.
૩) વીરો પગના કડલા, હાથની બંગડી, નાકની નથણી અને ગળાનો હાર લેવા ગયો.

**જ.૨ સવિસ્તાર જવાબ લખો.**

૧) આ ગીતમાં એક નવયૌવનાનાં મનનાં ભાવો રજૂ થાય છે. વાદળનાં વરસવાની સાથોસાથ નવયૌવનાનાં મનમાં પોતાનાં પતિને મળવાની ઉત્સુકતા જાગી ઊઠે છે. સાસરિયા તેને લેવા માટે આવેલા છે ત્યારે

નવયૌવના જરા પણ વિલંબ કરવા માગતી નથી. તે પોતાનાં વીરા (ભાઇ) ને પગના કડલા, હાથની બંગડી, નાકની નથણી અને ગળાનો હાર જલ્દીથી લાવવાનું ને વહેલા આવવાનું કહે છે. નવયૌવના આ બધાં આભૂષણો પહેરીને સુંદર રીતે તૈયાર થઇને સાસરિયે જવા માગે છે જેથી તેને જોઇને તેનો પતિ ખુશ થાય.

**જ.૩ પંક્તિનો ભાવાર્થ સમજાવો.**

જ.૨ માંથી મળશે.

## વ્યાકરણ વિભાગ

**(ક) તળપદા શબ્દોનાં શુદ્ધ રૂપ.**

૧) ઘરે ૨) સાસરિયું ૩) વહેલો ૪) ચાલ્યો

**(ખ) પર્યાયવાચી શબ્દ.**

૧) વારિદ ૨) ભાઈ ૩) તળાવ ૪) ગૃહ

**(ગ) વાક્ય પ્રયોગ.**

૧) વાદલડી - વાદલડી વરસે છે. ૨) સરોવર - પાણીથી સરોવર છલકાઈ ગયું.

૩) છલકાવું - નદી-નાળા છલકાઈ ગયા હતાં.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**જ.૧ પાઠ્યપુસ્તકમાંની કવિતા પ્રમાણે કાવ્યપૂર્તિ કરવી.**

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**જ.૧ સાચી જોડણી**

**સાચી જોડણી**

૧) વાદલડી ૨) પિયર ૩) વીરો ૪) બંગડી

૫) સાસરિયું

# ૧૭ અંગૂલીમાલ

## પાઠની રૂપરેખા

- ભગવાનનાં પ્રભાવથી ડાકુનું પણ હૃદયપરિવર્તન થઈ જાય છે.
- અંગૂલીમાલ નામનો ડાકુ હતો.
- બધાંને લૂંટીને મારી નાખતો.
- લોકોનાં આંગળા કાપીને માળા પહેરતો તેથી 'અંગૂલીમાલ' નામે ઓળખાયો.
- ભગવાન બુદ્ધ તે રસ્તેથી નીકળ્યા.
- બુદ્ધની વિનમ્રતાથી તે નરમ પડ્યો.
- ભગવાને પાન તોડવાનું કહ્યું, પછી ફરીથી જોડી આપવાનું કહ્યું.
- ભગવાને કહ્યું કે જો ને જોડી નથી શકતાં તો તોડવાનો અધિકાર નથી.
- અંગૂલીમાલને સમજાયું કે પ્રાણ બચાવી શકાતો નથી તો પ્રાણ લેવાનો અધિકાર નથી.
- અંગૂલીમાલ બુદ્ધને પગે પડ્યો, શરણે થયો.
- અંગૂલીમાલનું હૃદય પરિવર્તન થયું.
- તેણે લૂંટફાટની પ્રવૃત્તિ છોડી દીધી.

## સાધારણ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને ભગવાનનાં પ્રભાવથી પરિચિત કરાવવા.
- વિદ્યાર્થીઓ ખોટું કાર્ય છોડવાની પ્રેરણા મળે તેવા પ્રયાસો.
- વિદ્યાર્થીઓને વિનમ્રતા તથા ભક્તિનું મહત્ત્વ સમજાવવું.

## વિશિષ્ટ ઉદ્દેશ્ય

- વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ વાર્તાનો પરિચય કરાવવો.
- વિદ્યાર્થીઓમાં ભાષાગત વિકાસ કરવો.
- વિદ્યાર્થીઓમાં ઉચ્ચારણ શુદ્ધિ વિકસાવવી.
- વિદ્યાર્થીઓમાં કથન તથા લેખન શૈલી વિકસાવવી.
- વિદ્યાર્થીઓની અભિનય કલા વિકસાવવી.

## શૈક્ષણિક સાધન

- વ્હાઈટ બોર્ડ / બ્લેક બોર્ડ, માર્કર પેન / ચૉક, ડસ્ટર, પાઠ્યપુસ્તક, ચિત્રો.

## પ્રેરણા અને વિષય પ્રવેશ

- શિક્ષક/શિક્ષિકા પોતાના અનુભવોનું વર્ણન કરે.
- વિદ્યાર્થીઓને બીજી બોધાત્મક વાર્તાઓ કહે જેથી તેઓમાં જીવન જીવવાની સારી રીત વિકસે.
- શિક્ષક/શિક્ષિકા પોતાનાં અનુભવો પ્રમાણે વિષય પ્રવેશ કરે.

## અધ્યયન પદ્ધતિ

## પ્રશ્નોત્તર

- અંગૂલીમાલનું નામ તમે સાંભળ્યું છે?
- ભગવાન બુદ્ધનું નામ સાંભળ્યું છે.

**પથન** - શિક્ષક પાઠ પઠન કરાવે.

## રચનાત્મક સામૂહિક કાર્ય

- વર્ગમાં રહેલા વિદ્યાર્થીઓના ચાર સમૂહ પાડીને દરેક સમૂહને એક-એક વિષય પર એક ફકરો લખવાનુ કહો, જેમ કે - ડાકુ, જંગલ, ભગવાન, હૃદયપરિવર્તન
- વિદ્યાર્થીને તેમના વિચારો વર્ગમાં રજૂ કરવાનુ કહો, જેથી તેઓ સમૂહમા બોલતા શીખશે.
- આમ વિદ્યાર્થી વિષય-વસ્તુ સમજશે અને તેનો આત્મવિશ્વાસ વધશે.

## પ્રતિભાવ

- ઉચ્ચારણની ભૂલો સુધરશે.
- આત્મવિશ્વાસમાં વૃધ્ધિ.
- પોતાની ખામીઓ નિવારવાની તૈયારી.
- શ્રેષ્ઠ કાર્ય બાબતે પ્રોત્સાહન

## મૂલ્યાંકનના મુખ્ય મુદ્દા

- વિદ્યાર્થીમા આત્મવિશ્વાસ જાગૃત કરવો.
- શબ્દોના ઉચ્ચારણ શુદ્ધ અને સ્પષ્ટ હોવા જોઇએ.
- શબ્દ પસંદગી તથા વાક્યરચના શુદ્ધ હોવી જોઇએ.
- ભાષાની પકડ મજબૂત હોવી જોઇએ.


| સામાન્ય ભૂલો | નિવારણ |
| --- | --- |
| • જોડણીની ભૂલો | • માત્રા તથા વર્ણનના જ્ઞાન દ્વારા |
| • અભિવ્યાક્તિમાં ખામી | • યોગ્ય માર્ગદર્શન દ્વારા |
| • ઉચ્ચારણની અશુદ્ધિ | • વારંવાર અભ્યાસ દ્વારા |

## વિષયગત અભિગમ

- આ પાઠ આયોજન બોધગમ્ય કથાનો પરિચય કરાવે છે.
- વિદ્યાર્થીઓને અન્ય બોધાત્મક વાર્તાઓ સંભળાવે જેથી તેઓ તેમાંથી કંઇક વિશેષ બોધ પાઠ લે.
- આ વાર્તા દ્વારા વિનમ્રતાનું મહત્ત્વ, ભગવાન બુદ્ધનો પ્રભાવ દર્શાવવાનો પ્રયાસ છે.

## પ્રવૃત્તિ / શબ્દ રમત

- આપેલ ફૂલમાં ભગવાનના નામ લખો.



## રચનાત્મક મૂલ્યાંકન

- **સાધારણ વિદ્યાર્થીઓ માટે**

(૧) ડાકુનું નામ શું હતું? (૨) ડાકુ કેવો હતો?

(૩) ડાકુને કયા ભગવા મળ્યા?

- **વિશેષ વિદ્યાર્થીઓ માટે**

(૧) અંગૂલીમાલ નામ કેવી રીતે પડ્યું? (૨) અંગૂલીમાલ શું કરતો?

- **વિશેષત્તમ વિદ્યાર્થીઓ માટે**

(૧) લોકોએ ભગવાન બુદ્ધને શું કહ્યું? (૨) ભગવાન બુદ્ધ વિશે એક ફકરો લખો.

## ગૃહકાર્ય

- સ્વાધ્યાયનાં પ્રશ્નોનાં જવાબ લખો.

## કાર્યપત્રિકા – ૧ (પાઠમાંથી)

**પ્ર.૧ ખાલી જગ્યા પૂરો.**

૧) ડાકુ ભારે ........................ હતો.

૨) ડાકુનું નામ ....................... હતું.

૩) ડાકુ લોકોનાં ...................................... કાપીને માળા પહેરતો.

૪) અંગૂલીમાલનાં માર્ગમાં એક દિવસ ........................ આવી ચડ્યાં.

૫) અંગૂલીમાલ ભગવાન બુદ્ધની ........................... થી અંજાઈ ગયો.

## કાર્યપત્રિકા – ૨ (ભાષાજ્ઞાન)

**પ્ર.૧ જોડણી સુધારો.**

**ખોટી જોડણી :**

૧) ડાકૂ ૨) આંગળિ ૩) શાંતી ૪) વાણિ

૫) દીવસ

**સાચી જોડણી**

૧) ................. ૨) ................. ૩) ................. ૪) .................

૫) .................

## ઉત્તર – પાઠ્યપુસ્તકમાંથી

**જ.૧ નીચે આપેલા પ્રશ્નોનાં જવાબ લખો.**

૧) અંગૂલીમાલ એક ડાકૂ હતો.

૨) અંગૂલીમાલના માર્ગમાં એક દિવસ ભગવાન બુદ્ધ આવી ચઢ્યાં.

૩) ભગવાન બુદ્ધ જંગલમાં બેધડક - બેફીકરાઈથી ફરવા લાગ્યા.

૪) ભગવાન બુદ્ધે અંગૂલીમાલને અત્યંત શાંતચિત્તે, મોઢા પર અને વાણીમાં અત્યંત પ્રેમ ભરીને ''આવો ભાઈ! કેમ છો?'' એમ કહીને આવકાર આપ્યો.

**જ.૨ સવિસ્તાર જવાબ લખો.**

૧) ડાકુ જેને પકડતો તેને લૂંટી લેતો. લૂંટીને એની આંગળીઓ કાપી નાખતો અને તેની માળા બનાવી ગળામાં પહેરતો. આથી તેનું નામ 'અંગૂલીમાલ' પડ્યું.

૨) ગામલોકો અંગૂલીમાલને ઓળખતા હતાં. તેઓએ ભગવાનને સમજાવવાનો પ્રયાસ કર્યો, ''પ્રભુ! મહેરબાની કરીને આપ આ માર્ગેથી નહીં પણ બીજા છેડેથી જાવ. અહીં અંગૂલીમાલ નામનો એક એવો ડાકુ રહે છે જે કોઈ સામે ઝૂકતો નથી. એને કોઈ બોધ - ઉપદેશ અસર કરતાં નથી. માટે કૃપા કરી હે પ્રભુ! આપ પાછા ફરો.''

૩) ભગવાન બુદ્ધનાં અત્યંત પ્રેમભર્યો આવકાર સાંભળીને અંગૂલીમાલ સ્તબ્ધ થઈ ગયો. એની રૂક્ષતામાં, જડતામાં નરમાઈ આવી. તે ભગવાન બુદ્ધની પ્રતિભાથી અંજાઈ ગયો અને તેને શરણે થયો. તેણે લૂંટફાટની પ્રવૃત્તિ છોડી દીધી.

**જ.૩ કોણ કોને કહે છે?**

૧) ભગવાન બુદ્ધ - અંગૂલીમાલને   ૨) અંગૂલીમાલ - ભગવાન બુદ્ધને

**જ.૪** ભગવાન બુદ્ધ વિશે ફકરો.

ગૌતમ બુદ્ધ એ બોદ્ધ ધર્મના સ્થાપક છે. ઈ.સ. પૂર્વ ૫૬૩ માં બુદ્ધનો જન્મ કપિલવસ્તુ નગરીના રાજા શુદ્ધોદન અને રાણી મહામાયાને ત્યાં થયો હતો. જન્મ સમયે તેમનું નામ સિદ્ધાર્થ હતું. જન્મના થોડા દિવસો બાદ માતા મહામાયાનું અવસાન થતાં તેમની માસી ગૌતમીએ ઉછેર કર્યો તેથી લોકોએ તેઓને ગૌતમ કહેવા લાગ્યા. ગૌતમ બુદ્ધ ૮૦ વર્ષ જીવ્યા હતાં. ૧૬ વર્ષની વયે તેમના લગ્ન યશોધરા સાથે કરવામાં આવ્યાં. તેમનાં પુત્રનું નામ રાહુલ હતું. ૨૯ વર્ષની ઉંમરે તેઓને વૈરાગ્ય ઉત્પન્ન થયું અને રાજમહેલ છોડીને ભિક્ષુક તરીકે જીવવાનું પસંદ કર્યુ. વર્ષોની કઠોર સાધના પછી તેઓએ બોદ્ધ ધર્મની સ્થાપના કરી.

## વ્યાકરણ વિભાગ

**(ક) સમાનાર્થી શબ્દોનાં જોડકાં જોડો.**

| | (ક) | (ખ) |
|---|---|---|
| ૧) | વટેમાર્ગુ | મુસાફર |
| ૨) | ભય | ડર |
| ૩) | સ્મિત | હાસ્ય |
| ૪) | માર્ગ | રસ્તો |

**(ખ) વિરોધી શબ્દ લખો.**

૧) માનવીય   ૨) દયાળુ   ૩) નિર્ભય   ૪) નફરત

૫) ચેતન

**(ગ) શબ્દસમૂહ માટે એક શબ્દ**

૧) અંગૂલીમાલ   ૨) નિશ્ચિંત, બેફીકરાઈ   ૩) તરત   ૪) વટેમાર્ગુ

**(ઘ) રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.**

૧) બિંદાસ હોવું - ચિંતા વગરનું હોવું.

**વાક્ય :** ભગવાન બુદ્ધ જંગલમાં બિંદાસ ફરવા લાગ્યા.

૨) તિલાંજલી આપવી - છોડી દેવું.

**વાક્ય :** અંગૂલીમાલે લૂટફાટની પ્રવૃત્તિને તિલાંજલિ આપી દીધી.

**(ચ) સાચી જોડણી**

૧) પ્રવૃત્તિ ૨) જંગલી ૩) હિંમત ૪) સ્તબ્ધ

૫) પ્રતિભા

**(છ) શબ્દોનો વાક્યમાં પ્રયોગ.**

૧) મનોવૃત્તિ - અંગૂલીમાલ વિકૃત મનોવૃત્તિવાળો હતો.

૨) ઈરાદો - મારો નુકસાન કરવાનો ઈરાદો ન હતો.

૩) પ્રેમાળ - ભગવાન બુદ્ધની પ્રેમાળ વાણીથી અંગૂલીમાલ પીગળી ગયો.

૪) ઉપદેશ - ગુરુજી ઉપદેશ આપતા હતાં.

૫) રૂક્ષતા - પોલીસની ભાષામાં રૂક્ષતા હતી.

## ઉત્તર - કાર્યપત્રિકા - ૧

**પ્ર.૧ ખાલી જગ્યા પૂરો.**

૧) ક્રૂર ૨) અંગૂલીમાલ ૩) આંગળા ૪) ભગવાન બુદ્ધ

૫) પ્રતિભા

## ઉત્તર - કાર્યપત્રિકા - ૨

**પ્ર.૧ જોડણી સુધારો.**

**સાચી જોડણી**

૧) ડાકુ ૨) આંગળી ૩) શાંતિ ૪) વાણી

૫) દિવસ